GJAN080013862024

<u>–::નમૂનો–અ::–</u>   <u>આંક–</u>

ઉમરેઠના એડિશ્નલ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,
મુકામ: ઉમરેઠ.
ચુકાદાની તારીખ :– ૧૬/૦૭/૨૦૨૬
ફોજદારી કેસ નં:– ૯૬૨/૨૦૨૪
(જુનો કેસ નંબર–૨૬૨/૨૦૦૩)

ગુનાની કલમ	**ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૪૦૮, ૧૧૪ મુજબ**
એમ.કેસ.નંબર	૧/૨૦૦૨
પોલીસ સ્ટેશન	ઉમરેઠ
ફરીયાદીપક્ષ	સરકાર શ્રી.
રજુઆત	વિ.એ.પી.પી.શ્રી **જે.સી.બારોટ**
આરોપીપક્ષ	**૧) ભાનુભાઇ નાનુભાઇ ભટ્ટ(એબેટ)** રહે. નોતરીયા પોળ,દરજીવાળના નાકે, ઉમરેઠ, તા.ઉમરેઠ. **૨) આશાભાઇ સોમાભાઇ પટેલ(એબેટ)** રહે. નોતરીયા પોળ, દરજીવાળના નાકે, ઉમરેઠ, તા.ઉમરેઠ. **૩) રમેશચંદ્ર ગીરધરલાલ ભટ્ટ,** રહે. નોતરીયા પોળ, ઉમરેઠ, તા.ઉમરેઠ. **૪) ઘનશ્યામભાઇ ગણપતભાઇ ભટ્ટ (એબેટ)** ઉમરેઠ.

	૫) ભગવાનદાસ છોટાલાલ ભટ્ટ,(એબેટ) રહે. નોતરીયા પોળ, ઉમરેઠ, તા.ઉમરેઠ. **૬) વિક્રમભાઇ ઘનશ્યામભાઇ શુકલા,** રહે. નોતરીયા પોળ, ઉમરેઠ, તા.ઉમરેઠ.
રજુઆત	આરોપી નં.૩ અને ૬ તર્ફે વિ.વકીલશ્રી **ડી.એચ.શુકલા**

–::નમૂનો–બ::–

ગુન્હા ની તારીખ	૧૩/૦૬/૨૦૦૨
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	૧૩/૦૬/૨૦૦૨
આખરી અહેવાલની તારીખ	૨૩/૦૫/૨૦૦૩
તહોમતનામાંની તારીખ	૨૩/૧૧/૨૦૦૫
પુરાવો શરૂ થયાની તારીખ	૧૩/૦૧/૨૦૨૬
ચુકાદા માટે રાખવાની તારીખ	૧૬/૦૭/૨૦૨૬
ચુકાદાની તારીખ	૧૬/૦૭/૨૦૨૬
સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો)	–

::આરોપીની વિગત::

આરોપી નું અનુક્રમ	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુક્તિ તારીખ	તહોમત	શું નિર્દોષ છોડ્યા / સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૨૮ મુજબ..
૦૧	**ભાનુભાઇ નાનુભાઇ ભટ્ટ**	**–**	–	**ભારતીય દંડ**	**(એબેટ)**	–	–

૦૨	**આશાભાઇ સોમાભાઇ પટેલ**	–	–	**સંહિતાની કલમ– ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૪૦૮, ૧૧૪ મુજબ**	(એબેટ)	–	–
૦૩	**રમેશચંદ્ર ગીરધરલાલ ભટ્ટ**	૦૫/૦૭/૨૦૦૨	૦૫/૦૭/૨૦૦૨		નિર્દોષ છોડ્યા	–	–
૦૪	**ઘનશ્યામભાઇ ગણપતભાઇ ભટ્ટ**	–	–		(એબેટ)	–	–
૦૫	**ભગવાનદાસ છોટાલાલ ભટ્ટ**	–	–		(એબેટ)	–	–
૦૬	**વિક્રમભાઇ ઘનશ્યામભાઇ શુકલા**	૦૫/૦૭/૨૦૦૨	૦૫/૦૭/૨૦૦૨		નિર્દોષ છોડ્યા	–	–

નમુનોઃક

ફિરયાદી/બચાવ/ન્યાયલયના સાક્ષીની યાદી

અઃ ફરિયાદ પક્ષ

અનુક્રમ	**નામ**	**પુરાવાનો પ્રકાર**
ફ.સા. ૧	આંબાલાલ મોહનભાઇ પટેલ	સાહેદ
ફ.સા. ૨	જગદીશચંદ્ર રાવજીભાઇ પટેલ	સાહેદ
ફ.સા. ૩	મુકેશભાઈ શાંતિલાલ પટેલ	સાહેદ

ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી

અ. ફરિયાદ પક્ષ

અનુક્રમ	**આંક**	**વિગત**
૧	૬૦	પોલીસ સ્ટેશનનો પત્ર

૨	૬૮	ચેરીટી કમિશ્નર અમદાવાદનો પત્ર
૩	૬૯	સાહેદ આંબાલાલ મોહનભાઈ પટેલની જુબાની
૪	૭૦	વેચાણ બાનાખતની નકલ
૫	૭૧	વેચાણ દસ્તાવેજની નકલ
૬	૭૨	કરેલ લેખની નકલ
૭	૭૩	સાહેદ જગદીશચંદ્ર રાવજીભાઈ પટેલની જુબાની
૮	૭૪	કચેરી આદેશ
૯	૭૫	ઠરાવ નં.૩ ની નકલ
૧૦	૭૬	વેચાણ પરવાનગી પત્ર
૧૧	૭૭	નોંધણીનો દાખલો
૧૨	૭૮	સિક્કા બનાવેલાનું નાણાકિય બીલ
૧૩	૭૯	ટાઈપનો નમુનો
૧૪	૮૦	ચેરીટી કમિશ્નરશ્રી વડોદરાને અરજદારે કરેલ અરજી અને તેના કાગળો
૧૫	૮૧	પ્રથમ માહિતી અહેવાલ
૧૬	૮૨	ટ્રસ્ટનો ઠરાવ
૧૭	૮૩	રૂા.૨૦ ના સ્ટેમ્પ ઉપર કરેલ દસ્તાવેજની નકલ
૧૮	૮૪	સિટી સર્વે નં.૫૬૨૦ ના દસ્તાવેજની નકલ
૧૯	૮૫	ટેલિફોન રજીસ્ટરનો ઉતારો
૨૦	૮૬	ટ્રસ્ટના ઠરાવની નકલ
૨૧	૮૭	ચેરીટી કમિશ્નર અમદાવાદને લખેલ પત્ર અને તેની સાથેના કાગળો
૨૨	૮૮	નોટિસ
૨૩	૮૯	પરવાનગી આપતા પત્રની નકલ
૨૪	૯૦	ચેરીટી કમિશ્નર વડોદરાના ખાનગી પત્રની નકલ
૨૫	૯૧	તપાસનો અહેવાલ અંગેનો પત્રની નકલ
૨૬	૯૨	ચેરીટી કમિશ્નર અમદાવાદનો ખાનગી પત્રની નકલ
૨૭	૯૩	ચેરીટી કમિશ્નર વડોદરાના ખાનગી પત્રની નકલ

૨૮	૯૪	ચેરીટી કમિશ્નર નડિયાદનો રિપોર્ટ અને તેના કાગળોની નકલ
૨૯	૯૪/એ	મુકેશકુમાર શાંતિલાલનું નિવેદન અને તેના કાગળોની નકલ
૩૦	૯૪/બી	ભાનુભાઇ નાનુભાઇનું નિવેદન અને તેના કાગળોની નકલ
૩૧	૯૪/સી	આશાભાઈ સોમાભાઈનું નિવેદન અને તેના કાગળોની નકલ
૩૨	૯૫	વેલ્યુએશન રિપોર્ટની નકલ
૩૩	૯૬	એફ.ડી. ની નકલ
૩૪	૯૭	ટ્રસ્ટના પી.ટી.આર. ની નકલ
૩૫	૯૮	ભાનુભાઇ નાનુભાઇએ લખેલ પત્રની નકલ
૩૬	૯૯	ભાનુભાઇ નાનુભાઇએ ચેરીટી કમિશ્નર નડિયાદને લખેલ પત્રની નકલ
૩૭	૧૦૦	રજીસ્ટર વેચાણ દસ્તાવેજ રદ્દ કરવાની નકલ
૩૮	૧૦૧	આશાભાઇ સોમાભાઇના પત્રની નકલ
૩૯	૧૦૨	ચેરીટી કમિશ્નર અમદાવાદને લખેલ ખાનગી પત્રની નકલ
૪૦	૧૦૮	મુકેશભાઈ શાંતિલાલ પટેલની સોગંદ ઉપર જુબાની

::-ચુકાદો-::

(૧) કેસની ટૂંકી હકીકત :-

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, હાલના કામે મદદનીશ ચેરિટી કમિશ્નર નડિયાદ વતી નિરીક્ષકશ્રી નડિયાદ રમેશભાઈ ચનાભાઈ રાણાનાઓએ આરોપી વિરુદ્ધ ફોજદારી ઈન્કવાયરી નંબર-૧૨/૨૦૨૦ થી ફોજદારી લેખિત ફરિયાદ દાખલ કરેલ હતી, જે અન્વયે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા હુકમ કરી પી.એસ.આઇ. ઉમરેઠનાઓને તપાસ કરી રિપોર્ટ કરવાનો હુકમ કરવામાં આવેલ હતો, જે અન્વયે આ કામના આરોપીઓ વિરુદ્ધ એમ.કેસ.નંબર-૧/૨૦૦૨ થી ઈન્ડિયન પિનલ કોડ ની કલમ-૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૮ અને ૧૧૪ મુજબનું

ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ હતુ, તેની ટૂંકમાં હકીકત જોઈએ તો, આ કામના આરોપીઓ નંબર–૧,૩,૪,૫,૬ નાઓ નાથાભાઇ આદિતરામ ભટ્ટ ટ્રસ્ટની માલિકીની જમીન ઉમરેઠ ગામમાં સર્વે નં.૪૧૩/૧ તથા ૪૧૪ ની ખરાબાની જમીન તથા હોલાણ તથા ઓરડીઓ વિગેરે હતુ, જે જમીન આ કામના આરોપીઓએ એક સંપ કરી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી નડિયાદનો સિક્કો કોઇ પણ રીતે કરાવડાવી તેમાં તેમાં ચેરીટી કમિશ્નરની ખોટી સહીઓ કરી આ ટ્રસ્ટની મિલકત વેંચવા માટેનો મંજૂરી પત્ર ખોટો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી તહોમતદાર નં.૨એ સદરહુ જમીન વેંચાતી રાખી લઇ આરોપી નં.૧,૩,૪,૫,૬ નાઓએ આ ટ્રસ્ટની મિલકત વેંચી દઇ, વિશ્વાસઘાત કરી અને આરોપી નં.૨નાઓએ જાણી જોઇને તેમાં મદદગારી કરી પોતે મિલકત ખરીદી લઇ વિગેરે બાબત ગુનો કરેલ. તપાસના અંતે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

(૨) ન્યાયિક કાર્યવાહી :–

આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતાં જેનાં અનુસંધાને આરોપીઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જશીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી હોવાની ખાત્રી કર્યા બાદ આંક–૬ થી તહોમતનામું ઘડી, આંક–૦૭ થી આંક–૧૨ સુધી ગુન્હા અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ ફરિયાદ પક્ષનો પુરાવો લેવામાં આવેલ.

હાલના કામે આરોપી નંબર–૧,૨,૪,૫ નાઓ ચાલુ કામે મરણ જતાં તેઓ વિરુદ્ધનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. વધુમાં આરોપી નંબર–૩ અને ૬નાઓ વયોવૃદ્ધ હોય, તેથી તેઓને કેસના ટ્રાયલ દરમિયાન

હાજરીમાંથી કાયમી મુક્તિ આપવામાં આવેલ હતી.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવા ઉપરથી આ કામે આરોપી નંબર–૩ અને ૬નાઓ નું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ ફરીયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પુછવામાં આવેલ પશ્નનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે. અને વિશેષમાં રજૂઆત કરેલ છે કે તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું અને ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૪) હાલના કામે વિદ્વાન એ.પી.પી.શ્રી જે.સી.બારોટનાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. તેમાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે, હાલના કામના મૂળ ફરિયાદી મરણ ગયેલ છે તથા બનાવ હકીકત મુજબ નડિયાદના ચેરીટી કમિશ્નરશ્રી પાસે અરજી આવતા તેઓએ સંયુક્ત ચેરીટી કમિશ્નરશ્રી ને ખાતાકીય તપાસ સોંપવામાં આવેલ હતી, તે સંયુક્ત ચેરીટી કમિશ્નરને હાલના કામે તપાસવામાં આવેલ છે. વધુમાં હાલના કામે આરોપીઓ ટ્રસ્ટના માલિકીની જમીનના બોગસ દસ્તાવેજ કરી, ચેરીટી કમિશ્નરશ્રી નડિયાદના સિક્કાની કોઈપણ રીતે ઉપયોગ કરી, ચેરિટી કમિશ્નરની ખોટી સહીઓ કરી, ટ્રસ્ટની મિલકત વહેંચવા માટે ખોટું મંજૂરીપત્ર બનાવી અને તેનો ખરા તરીકે ઉપયોગ કરી તહોમતદાર નંબર–૨નાઓએ ટ્રસ્ટની જમીન આરોપી નંબર–૧,૩,૪,૫,૬ નાઓએ વેચાતી આપી, ટ્રસ્ટની મિલકત હોવા છતાં વેચી દઈ અને તે મતલબનો વિશ્વાસઘાત કરેલ હોય અને તે મુજબનો પુરાવો પણ ફરિયાદપક્ષ દ્વારા રજૂ રાખવામાં આવેલ છે. વધુમાં તેઓ દલીલ કરતાં જણાવે છે કે, આંક–૭૩ થી જગદીશચંદ્ર રાવજીભાઈ પટેલ, તેઓ ઓફિસર તરીકે સંયુક્ત ચેરિટી કમિશ્નરની કચેરી ખાતે ફરજ બજાવતા હતા અને તેઓને તપાસ સોંપતા તેઓ તપાસ કરી તેઓની ઉપરી અધિકારીને તે મતલબનો

રિપોર્ટ કરેલ, તેના આધારે હાલની ફરિયાદ દાખલ થયેલ છે. વધુમાં ટ્રસ્ટ એક્ટ મુજબ સદર હુકમ કરવાની સત્તા જોઈન્ટ અથવા મુખ્ય ચેરિટી કમિશ્નરશ્રીને પહોંચે છે, નડિયાદમાં આવેલ કમિશ્નરશ્રીને પહોંચતી નથી અને આરોપી નડિયાદની કચેરીનો બોગસ સિક્કા અને ખોટી સહી કરી આપવાના હુકમના આધારે ટ્રસ્ટની જમીન વહેંચી દીધેલ છે. વધુમાં હાલના કામે ફરિયાદપક્ષ દ્ધારા જે ખોટા સિક્કાને આધારે જમીન વેચવા આપેલ છે, તે સિક્કાની છાપ રજુ છે, તેથી તેના ઉપરથી પણ આરોપી દ્ધારા ખોટા સિક્કા કરેલ હોવાનું જણાય આવે છે. વધુમાં વેચાણ દસ્તાવેજની અસલ ખુદ આરોપીઓના કબજામાં હોય, તેથી હાલના કામે અસલ રજૂ થયેલ નથી. વધુમાં દલીલ કરતાં જણાવે છે કે, ખોટા સિક્કાવાળા અને સાચા સિક્કાવાળા બે દસ્તાવેજ જે હાલના કામે રજૂ છે, તેને સરખાવવામાં આવતા સાચા સિક્કાનો ભેદ રેકર્ડ ઉપર આવેલ છે અને તેઓએ બી.પી.હડિયાની સહી પણ ખોટી કરેલ છે. વધુમાં આંક–૭૯ અને આંક–૮૦ થી કચેરીના હુકમો ટાઈપના નમૂના છે, તેમાં અસલ કચેરીના પત્રોમાં જે ભાષા અને આમુખનો ઉપયોગ કરવામાં આવેલ છે, તે ખોટામાં ઉપયોગ કરેલ નથી. વધુમાં હાલના કામે સાહેદ જગદીશચંદ્ર રાવજીભાઈ દ્ધારા કેસને લગતા તમામ દસ્તાવેજો ઓળખી બતાવેલ હોય, તેથી રેકર્ડ ઉપર આવેલ છે તથા આંક–૮૫ ટેલિફોન રજીસ્ટરનો ઉતારો તથા આંક–૯૭ થી ટ્રસ્ટના પી.ટી.આર. પણ રેકર્ડ ઉપર રજૂ છે. તેમાં આરોપી નંબર–૩ અને ૬ ના નામ જણાય આવે છે. વધુમાં આંક–૧૦૧ થી વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર છે, તે મતલબનો હાલણી મેડમનો અહેવાલ પણ રજૂ છે. વધુમાં આરોપી નંબર–૩ અને ૬નાઓ ઉપર મુખ્ય મદદગારીનો આક્ષેપો હોય, તે મતલબની હકીકત રેકર્ડ ઉપર રજૂ પુરાવા ઉપરથી પુરવાર થાય છે અને તે સંજોગોમાં આરોપીઓ ગુનો કરેલ હોય અને તે હકીકત ફરિયાદપક્ષ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપરથી નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોય, તેથી આરોપીઓને મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

હાલના કામે આરોપી નંબર–૩ અને ૬ તર્ફે વિદ્ધાન વકીલશ્રી ડી.એચ.શુકલાએ આંક–૧૧૪ થી લેખિત દલીલ રજૂ રાખવામાં આવેલ છે, જે

વંચાણે લેવામાં આવેલ છે. વધુમાં તેઓ મૌખિક દલીલ કરતાં જણાવે છે કે, હાલના કામે માત્ર ત્રણ સાક્ષીઓની જુબાની થયેલ છે. બાકીના સાક્ષીઓ મરણ ગયેલ છે. આરોપી નંબર–૧,૨,૪,૫ મરણ ગયેલ છે અને આરોપી નંબર–૩ અને ૬ કે, જેઓ મિલકતના ટ્રસ્ટી હતા, તેઓ વિરુદ્ધ કોઈ ચોક્કસ આક્ષેપ નથી. વધુમાં તેઓ દલીલ કરતાં જણાવે છે કે, હાલના કામે આરોપી મિલકત ઓળવી લે, તેનો નાણાકીય લાભ લઈ અથવા તો મિલકતનો વેચાણ કરી, તેનો નાણાકીય લાભ લીધેલ હોય, એવો ફરિયાદપક્ષનો કેસ નથી. તેથી પણ આરોપી સામે ગુનો ટકવાપાત્ર નથી. વધુમાં હાલના કામે ફરિયાદપક્ષ અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી, પરંતુ તે અસલ દસ્તાવેજ કયા કારણથી રેકર્ડ ઉપર આવેલ નથી અથવા તો તે કયા કારણથી મળી આવતા નથી, તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી અને જો એટલો મહત્વનો દસ્તાવેજ મળી આવેલ નથી, તો તે લગત કચેરી દ્વારા કોઈ પગલાં લેવામાં આવેલ છે કે, કેમ તે હકીકત પણ રેકર્ડ ઉપર નથી. વધુમાં બનાવટીપત્ર બાબતે બી.પી.હડિયાનાઓએ ફરિયાદ કરેલ નથી, ખરેખર તેઓ ચેરીટી કમિશ્નરશ્રી હોય, તો તેઓએ ફરિયાદ કરવી પડે, તેઓ કોઈને ફરિયાદની સત્તા આપી શકે નહિ. વધુમાં આક્ષેપિત ખોટો અને બોગસ દસ્તાવેજ બાબતનો હેન્ડરાઈટિંગ એકસ્પર્ટનો કે, ફોરેન્સિક એકસ્પર્ટનો અભિપ્રાય લેવામાં આવેલ નથી. તેથી તે સંજોગોમાં પણ દસ્તાવેજ બોગસ અને બનાવટી હોય તે હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં બનાવટી સહી સિક્કા બાબતે સ્ટાફની કોઈ પૂછપરછ થયેલ છે કે, કેમ તે હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ નથી તથા અસલ સિક્કાની છાપ અને સાહેદોની સહીના નમુના તપાસ કરનાર અધિકારીને આપેલ હોય, તેવું પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેથી દસ્તાવેજ બનાવટી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં હાલના કામે ફરિયાદીની માત્ર થોડી જ ઉલટતપાસ થયેલ હોય અને ત્યારબાદ તેઓ મરણ ગયેલ હોય, તેથી તેઓને વધુ સરતપાસ થઈ શકેલ નથી અને તેઓની કચેરીમાંથી કોઇ પણ અધિકારી આવીને રેકર્ડ આધારિત જુબાની આપેલ નથી. વધુમાં ફરિયાદ દાખલ કરવાનો અસલ હુકમ પણ કોર્ટમાં રજૂ કરવામાં આવેલ નથી, તેથી તે હકીકત પણ શંકા ઉપજાવે છે. વધુમાં ચેરીટી

કમિશ્નરશ્રીની કચેરીના બનાવટી સિક્કા જે બનાવડાવ્યા અથવા તો જે તે જગ્યા ઉપર બનાવ્યા હોય, તે દિશામાં પણ કોઈ તપાસ થયેલ નથી. વધુમાં હાલના કામે રજૂ તમામ દસ્તાવેજ ઝેરોક્ષ નકલો છે, પ્રમાણિત નકલો રજૂ કરેલ નથી તથા સરકારી દસ્તાવેજો પોલીસ સ્ટેશન તેમજ ચેરિટી કમિશ્નરશ્રીની કચેરીમાંથી ન મળે તે અંગેનો પણ યોગ્ય ખુલાસો રજૂ નથી. વધુમાં હાલના કામના ફરિયાદીની ફરિયાદ કરવાની સત્તા અને રિપોર્ટ રેકર્ડ ઉપર રજૂ કરેલ નથી અને હાલના કામે તપાસ કરનાર અધિકારીનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરિયાદપક્ષ જે દસ્તાવેજને બનાવટી કહે છે, તે મુખ્ય દસ્તાવેજ અસલ રજૂ થયેલ નથી તથા ટ્રસ્ટના ટ્રસ્ટીઓને આજ દિન સુધી બરતરફ કરવામાં આવેલ નથી, તે હકીકત પણ શંકા ઉપજાવે છે. વધુમાં સાહેદ સાથે નોકરી કરનાર સાથી કર્મચારી/અધિકારીઓએ શેરાઓ અને સહીઓ ઓળખી બતાવેલ છે, પરંતુ સાથે નોકરી કરી તે અંગેનો કોઈ દસ્તાવેજ રજૂ થયેલ નથી. વધુમાં બોગસ અને બનાવટી દસ્તાવેજ ચેરિટી કમિશ્નર દ્વારા રજૂ કરવામાં આવેલ હોય, તેવું પણ કોઈ કાર્યવાહી આજદિન સુધી થયેલ નથી. આમ, અન્ય તમામ સાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય તથા આંક-૭૩ થી રજૂ સાહેદ દ્વારા જાહેર કરવામાં આવેલ હકીકત શંકા ઉપજાવે તેવી હોય, તેથી તે તમામ સંજોગો ધ્યાને લઈ આરોપીઓને નિર્દોષ છોડી મૂકવા અરજ કરેલ છે.

(૪.૧) ફરીયાદપક્ષના રજુ થયેલા પુરાવા ધ્યાને લેતા કેસનો ન્યાયિક અંત આવવા નીચે મુજબ મુદા ઉપસ્થિત થાય છે.

-::મુદાઓ::-

(૧)	શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ નંબર-૧,૩,૪,૫,૬ નાઓ નાથાભાઈ આદિતરામ ભટ્ટ ટ્રસ્ટની માલિકીની જમીન ઉમરેઠ ગામમાં સર્વે નં.૪૧૩/૧ તથા ૪૧૪ ની ખરાબાની જમીન તથા હોલાણ તથા ઓરડીઓ વિગેરે હતુ, જે જમીન આ કામના આરોપીઓએ એક સંપ કરી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી નડિયાદનો સિક્કો કોઇ પણ રીતે કરાવડાવી તેમાં તેમાં ચેરીટી

	કમિશ્નરની ખોટી સહીઓ કરી આ ટ્રસ્ટની મિલકત વેંચવા માટેનો મંજૂરી પત્ર ખોટો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી તહોમતદાર નં.૨એ સદરહુ જમીન વેંચાતી રાખી દઈ આરોપી નં.૧,૩,૪,૫,૬ નાઓએ આ ટ્રસ્ટની મિલકત વેંચી દઈ, વિશ્વાસઘાત કરી અને આરોપી નં.૨નાઓએ જાણી જોઇને તેમાં મદદગારી કરી પોતે મિલકત ખરીદી લઈ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૮, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?
(૨)	શું હુકમ?

<u>(૫)</u> ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

(૧)	**નકારમાં.**
(૨)	આખરી હુકમ મુજબ

<u>**–::કારણો::–**</u>

<u>**મુદા નંબર :– ૧**</u>

<u>(૬)</u> આ કામના વર્તમાન આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપીઓ સામેનો ગુનો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદોને આરોપીઓ સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે ફરીયાદમાં તે સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબીત કરવાના રહે છે. આમ, આ કામે આરોપીઓ સામે **ભારતીય દંડ સંહીતાની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪ મુજબના** ગુનાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદીના નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પરથી શંકાથી પર સાબીત કરવાના

રહે છે.

<u>(૭)</u> સદર કામે ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો આંક–૬૯ થી સાહેદ આંબાલાલ મોહનભાઇ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૦૨ નાં વર્ષમાં ભાઈઓ ભાગ સિવાયની ૧૦ વિઘા જેટલી જમીન ધરાવતા હતા. હાલ તેમની પાસે બે વિઘા જેટલી જમીન છે. ઉમરેઠ ખાતેની નાથારામ આદીતરામ ભટ્ટ ટ્રસ્ટ કયાં સર્વે નંબરની માલીકી ધરાવતા હતા તે કહી શકે નહી અને આ સર્વે નંબરમાં શું આવેલું હતું તે કહી શકે નહીં અને આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કોણ હતા તે પણ તેઓ કહી શકે નહિ. મુકેશભાઈ શાંતિલાલ પટેલ ટ્રસ્ટની જમીનમાં આવેલ ઓરડીઓ પૈકી કેટલાનો અધિકાર ધરાવતા હતા તે કહી શકે નહી અને ટ્રસ્ટની બીજી ઓરડીઓનો વપરાશ કોણ કરતું હતુ તે તેઓ કહી શકે નહિ. કાંતાબેન સોમાભાઈનાઓએ તેમના કબ્જાની કોઈ મીલ્કત સંદર્ભે કોઈને કોઈ લખાણ આપેલ કે કેમ તેની તેમને ખબર નથી અને ટ્રસ્ટના વહીવટકર્તા ધ્વારા કોઈ બાનાખત કે વેચાણ કરવામાં આવેલ કે કેમ તેની તેમને ખબર નથી. મુકેશભાઈનાઓ શી બાબતની અરજી કરેલી તેની તેમને ખબર નથી. પોલીસે તેમની કોઈ પુછપરછ કરી જવાબ લીધેલો નહીં. તેમણે કોઈ લેખમાં સહી કરેલી કે કેમ તે તેમને યાદ નથી.

સદર સાહેદની આરોપી નં.૩ અને ૬ તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, પોલીસે માત્ર મારી સહી કરાવેલી તે સિવાય હાલના કેસ બાબતે મને કોઈ જાત માહીતી નથી. હું પહેલેથી ઉમરેઠ રહું છું. એ વાત ખરી છે કે, ઉમરેઠમાં અંબાલાલ મોહનલાલ પટેલના નામના ઘણા બધા વ્યકિતઓ છે. મને બાનાખતવાળા દસ્તાવેજમાં તથા દસ્તાવેજમાં સહી કરેલી તે સિવાય મને બાનાખત અને દસ્તાવેજ અંગે કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, હું સબ રજીસ્ટ્રાર રૂબરૂ ગયેલ હોઉ અને સહી–મતુ કરેલ હોય તેવું બનેલ નથી.

સદર સાહેદની ફરિયાદપક્ષ તર્ફે ફેરતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, મને આંક–૭૦ અને આંક–૭૧ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોયને કહું છું કે, તે બંને દસ્તાવેજોમાં સાક્ષી તરીકે મારી પોતાની જ સહી છે

જેને હું ઓળખું છું.

સદર સાહેદની ફેરતપાસ તર્ફે આરોપી નં.૩ અને ૬ તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, મને એ વાતની ખબર નથી કે, મને આંક–૭૦ અને આંક–૭૧ વાળા દસ્તાવેજોમાં જે સહીઓ બતાવી તે સહીઓ મેં સબ રજીસ્ટ્રાર રૂબરૂ કરેલા છે કે કેમ.

(૮) આ કામે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવતા ફરીયાદપક્ષે આંક–૭૩ થી સાહેદ જગદીશચંદ્ર રાવજીભાઈ પટેલને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, નડીયાદ ખાતે તેમણે ૧૯૯૭ નાં વર્ષથી ૨૦૦૨ નાં વર્ષ સુધી નિરીક્ષક તરીકે ચેરીટી કમિશ્નર નડીયાદની કચેરી ખાતે ફરજ બજાવેલી છે. ત્યારબાદ તેમને અધિક્ષક તરીકે પ્રમોશન મળેલ હતું. તેમના કાર્યકાળ દરમ્યાન તેમને મુકેશભાઈ પટેલ ધ્વારા ઉમરેઠ ખાતેનાં નાથાલાલ આદિતરામ ભટ્ટ ટ્રસ્ટ સંદર્ભેની રેવન્યુ સર્વે નં. ૭૧૩/૧ અને ૭૧૪ સંદર્ભેની વેચાણ સંદર્ભે મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદનો વેચાણ સંદર્ભનો ખોટા હુકમ સંદર્ભેની અરજી પ્રાપ્ત થયેલ હતી. આ અંગે ટ્રસ્ટી તથા અરજદારને બોલાવી વિગત સંદર્ભેનાં નિવેદનો તથા પુરાવા નોંધવામાં આવેલા હતા અને આ પુરાવ અને નિવેદનો સંદર્ભેનો અહેવાલ તૈયાર કરેલ જેની જાણ ચેરીટી કમિશ્નર અમદાવાદ ખાતે કરેલ હતી અને આ સંદર્ભે નાયબ ચેરીટી કમિશ્નર હાલાણીબેન ધ્વારા નિવેદનો નોંધવામાં આવેલ હતા અને તપાસ અંતર્ગત મુખ્ય ચેરીટી કમિશ્નરને તેઓએ રીપોર્ટ કરતા ફરીયાદ દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. આ હુકમ અન્વયે મદદનીશ ચેરીટી કમીશ્નર કચેરી નડીયાદનાં નિરીક્ષક આર.એસ.રાણાનાઓએ ઉમરેઠ કોર્ટમાં ફરીયાદ કરેલ હતી અને જેઓ અવશાન પામેલા છે. ટ્રસ્ટની મીલ્કત આશાભાઈ સોમાભાઈ પટેલને વેચાણ આપવામાં આવેલ હતી. જે વેચાણની પરવાનગી સબબનો ખોટો હુકમ મેળવવામાં આવેલ હતો જો આ હુકમ સાચી રીતે મેળવવાની હોય તો આ હુકમ કરવાની સત્તા જોઈન્ટ ચેરીટી કમિશ્નર વડોદરા તથા મુખ્ય ચેરીટી કમિશ્નરની કચેરી અમદાવાદને પહોંચે છે. આ સત્તા અંગની જોગવાઈ બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એકટની ૧૯૫૦ ની કલમ–૩૬ અન્વયે જોઈન્ટ ચેરીટી કમિશ્નર

અને મુખ્ય ચેરીટી કમિશ્નરને છે. જે ખોટો હુકમ ઉભો કરવામાં આવેલ હતો જેમાં હુકમ આપનાર તરીકે મદદનીશ ચેરીટી કમિશ્નરની કચેરીના સિક્કા ધ્વારા બનાવવામાં આવેલ હતો. વધુમાં તેઓ જણાવે છે કે, જે વેચાણ અંગે ટ્રસ્ટની મીલ્કત સંદર્ભની જે અરજી કરવી જોઈએ તેવી કોઈ અરજી ચેરીટી કમિશ્નર સમક્ષ કે સંયુકત ચેરીટી કમિશ્નર સમક્ષ કરવામ આવેલ ન હતી તેમજ જે પરવાનગી હુકમના આધારે વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ તે પરવાનગી હુકમનાં ટાઈપનાં અક્ષરો તથા તેમાં કરવામાં આવેલ અધિકારીની સહી તથા જાવક નબર તેમજ તેમાં લગાવવામાં આવેલ સિક્કો જે કાયદેસર રીતે પરવાનગીનાં હુકમોમાં હોવો જોઈએ તે પ્રકારેનો ન હતો. જ્યારે ટ્રસ્ટની મીલ્કત વેચાણ કરવા સંદર્ભે જો પરવાનગી હુકમ મેળવવાને હોય તો ટ્રસ્ટીઓએ અરજી કરવાની રહે છે. ખોટા પરવાનગી હુકમથી જે મીલ્કતનો વેચાણ કરવામાં આવેલ છે તેમાં મિલ્કત વેચાણ આપનાર અને મિલ્કત લેનાર બંનેનું હિત રહેલું છે. જેથી આ કામે જે ખોટા પરવાનગી હુકમથી વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ તેનો લાભ આપનાર ટ્રસ્ટીઓ તથા લેનાર પાર્ટીએ તેનો લાભ લીધેલ હતો. જે ખોટો પરવાનગી હુકમ બનાવવામાં આવેલ હતો તેમાં બી.પી. હડીયા, મદદનીશ ચેરીટી કમિશ્નર, નડીયાદનાઓની ખોટી સહી કરવામાં આવેલ હતી. તેમની સાચી સહીને ઓળખી શકે કારણ કે, તેઓ મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદ ખાતે હતાં ત્યારે તેમની સાથે મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદ ખાતે નિરીક્ષક તરીકે કરજ બજાવતો હતો જેથી તેઓની સહીને તેઓ ઓળખી શકે. આ કામે મૂળ ફરીયાદ કરનાર આર.એસ.રાણાની સહીને પણ ઓળખે છે કારણ કે, તેમણે તેઓની સાથે મદદનીશ ચેરીટી કમિશ્નરની કચેરી નડીયાદ ખાતે તથા બરોડાની કચેરી ખાતે સાથે ફરજ બજાવેલી છે. ટ્રસ્ટની સર્વે નં. ૭૧૩/૧ તથા ૭૧૪ વાળી મીલ્કત સંદર્ભેનો દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે અનુક્રમ નં. ૧૮૭ થી થયેલો હતો. સદર ટ્રસ્ટની મિલ્કતો વેચાણ સંદર્ભે ટ્રસ્ટીઓ ધ્વારા ઠરાવ નં. ૩ થી ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટને સત્તા સોંપવામાં આવેલી હતી. જ્યારે કોઈ ટ્રસ્ટે પોતાની મીલ્કતનું કોઈ વેચાણ કરવું હોય ત્યારે વિગતવારની અરજી પરવાનગી માટે જોઈન્ટ ચેરીટી કમિશ્નરને કરવી

જોઈએ અને તે અરજી મુદ્દાસરની કરવી જોઈએ અને જે મીલ્કતનું વેચાણ કરવાનું હોય તેનું વેલ્યુએશન રીપોર્ટ તૈયાર કરાવવો જોઈએ અને તે અંગેની જંત્રી પણ મુકવી પડે અને વેલ્યુએશન રીપોર્ટ અને જંત્રી બંનેની કિંમતોને લક્ષમાં લઈ જેની વધુ કિંમત થાય તે રીતે તેમજ પેપરમાં તે અંગેની જાહેરાત થયા બાદ યોગ્ય લાગે તો પરવાનગી આપવામાં આવે. આ કામે ભાનુભાઈ ભટ્ટ ધ્વારા વેલ્યુએશન રીપોર્ટ તૈયાર કરાવી વેલ્યુ નિધારણ કરાવવામાં આવેલી હતી. તેમને ખોટો પરવાનગીનો હુકમ તેમજ વેચાણ અંગેની સત્તા ટ્રસ્ટીઓ ધ્વારા એક ટ્રસ્ટીને સોંપતો ઠરાવ નં.૩ તેમજ તેના આધારે થયેલ વેચાણ દસ્તાવેજ તેમજ ખોટા પરવાનગી હુકમ અનુસંધાને તપાસ અંર્તગતનો ટાઈપનો નમુનો તેમજ સિકકાના નમુના તેમજ સાચી સહીના નમુનાના કાગળો તેમજ તપાસ દરમ્યાન લીધેલ નિવેદન જો તેમને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેમજ આ કામે થયેલી ફરીયાદ પણ તેઓ ઓળખી શકે. જે ઠરાવ નં.૩ અને વેચાણની ખોટી પરવાનગીના આધારે જે ટ્રસ્ટની મીલ્કત વેચાણ કરી દેવામાં આવેલ હતી તે લગતની ફરીયાદ છે. તેમને તા. ૦૧/૦૬/૨૦૦૨ રજુ તા. ૧૩/૦૬/૨૦૦૨ ની નિરીક્ષક શ્રી આર.એસ.રાણાનાઓએ નામ. ઉમરેઠ કોર્ટ સમક્ષ રજુ કરેલી મૂળ ફરીયાદ આંક-૧ વાળી બતાવવામાં આવે છે જેમાં ફરીયાદી તરીકે મદદનીશ ચેરીટી કમિશ્નર વતી તરીકે રમેશભાઈ શનાભાઈ રાણા, નિરીક્ષક મ. ચેરીટી કમિશ્નરની કચેરી, નડીયાદ વિરૂધ્ધ સામાવાળા (૧) શ્રી ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટ. (૨) આશાભાઈ સોમાભાઇ, (૩) શ્રી રમેશચંદ્ર ગીરધરલાલ ભટ્ટ, (૪) ઘનશ્યામભાઈ ગણપતરામ ભટ્ટ. (૫) ભગવાનદાસ છોટાલાલ ભટ્ટ, (૬) વિક્રમભાઈ ધનશ્યામભાઈ શુકલના નામ વાળી વિષય ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ-૧૯૦, ઇ.પી.કો. કલમ-૨૬૩-એ, ૪૬૩, ૪૨૦, ૪૨૫, ૪૬૬ વિષય અનુસંધાને તેઓની સહી વાળી અરજી છે જેને તેઓ વિગતની દષ્ટિએ અને તેઓની સહીથી પણ ઓળખે છે. જેના ઉપર ઈન્કવાયરી નં. ૧૨/૦૨ પડેલ છે. તેમને નિ.૨/૫ બતાવવામાં આવે છે જે આર.એસ.રાણાના નામનો ચેરીટી કમિશ્નર અમદાવાદનાઓએ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ, આણંદમાં નાથાલાલ આદિતરામ ટ્રસ્ટ નોંધણી

નં. ઈ–૩૦૮/ખેડા સંસ્થાની સ્થાવર મીલ્કત ટ્રસ્ટીઓએ મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદનાં ખોટા બનાવટી મીલ્કત વેચાણનાં પરવાનગી હુકમથી વેચાણ આપેલ છે જે અંગેનું ફરીયાદ દાખલ કરવાનો નામ જોગનો હુકમ છે જે આધારે તેઓએ નામ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી જેને તેઓ ઓળખે છે. સદર કામે ફરીયાદ દાખલ કરવાનો અસલ હુકમ મળી આવતો ન હોય તે સંજોગોમાં સદર હુકમને પુરાવામાં આંક–૭૪ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને આંક–૭૦ વાળું બાનાખત બતાવવામાં આવે છે. જે નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટનાં વહીવટકર્તા તથા ટ્રસ્ટી ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટ ધ્વારા વેચાણ બાનાખત લખી આપનાર તેમજ વેચાણ બાનાખત કરાવી લેનાર તરીકે આશાભાઈ સોમાભાઈની સહીઓ વાળું ઉમરેઠના સર્વે નં. ૭૧૩/૧ અને ૭૧૪ વાળું જે રૂા. ૫૫,૦૦૦/– ની કિંમતનું ટ્રસ્ટ વતી ભાનુભાઈ નાનાભાઈ ભટ્ટની સહીવાળું રજીસ્ટર બાનાખત છે જે તપાસના કામે અમોએ ચકાસણી કરેલી હતી તે જ છે જેને તેઓ ઓળખે છે. તેમને આંક–૭૧ વાળું વેચાણ દસ્તાવેજ બતાવવામાં આવે છે જે નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટનાં વહીવટદાર ટ્રસ્ટીઓ (૧) શ્રી ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટ, (૨) શ્રી રમેશચંદ્ર ગીરધરલાલ ભટ્ટ, (૩) ઘનશ્યામભાઈ ગણપતરામ ભટ્ટ. (૪) ભગવાનદાસ છોટાલાલ ભટ્ટ. (૫) વિક્રમભાઈ ધનશ્યામભાઈ શુકલ સર્વેનાં મુખ્ય વહીવટકર્તા પ્રમુખ ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટ ધ્વારા વેચાણ દસ્તાવેજ લખી આપનાર તેમજ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર તરીકે આશાભાઈ સોમાભાઈની સહીઓ વાળુ ઉમરેઠના સર્વે નં. ૭૧૩/ ૧ અને ૭૧૪ વાળું જે રૂા. ૫૫,૦૦૦/– ની કિંમતનું ટ્રસ્ટ વતી ભાનુભાઈ નાનાભાઈ ભટ્ટની સહીવાળું રજીસ્ટર દસ્તાવેજ નં. ૧૮૭ વાળું છે, જે તપાસના કામે તેઓએ ચકાસણી કરેલી હતી અને આ દસ્તાવેજ ભટ્ટ નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટ ઉમરેઠ ધ્વારા મીલ્કતનાં વેચાણ દસ્તાવેજ કરવા માટે ટ્રસ્ટ ધ્વારા ઠરાવ નં. ૩ થી ટ્રસ્ટનાં ટ્રસ્ટી ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટને વેચાણ દસ્તાવેજ કરવાની તેમજ આશાભાઈ સોમાભાઈ સાથે વેચાણ સંદર્ભે વાતચીત કરવાની સત્તા સોંપતો ઠરાવ રજુ થયેલ હતો તેમજ ભટ્ટ નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટ ઉમરેઠની મિલ્કત રે.સ.નં.૭૧૩/૧ તથા રે.સ.નં.૭૧૪ની વેચાણ પરવાનગી

આપવા બાબતનાં વિષય અનુસંધાનેનો ખોટો હુકમ જે રજુ થયેલ હતો તેની તપાસ તેઓએ કરેલ હતી અને આ દસ્તાવેજોને તેઓ ઓળખે છે, તે જ છે જેને તેઓ ઓળખે છે. તેમને ઠરાવ નં.૩ ની નકલ બતાવવામાં આવે છે કે, જે ભટ્ટ નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટ વતી ભટ્ટ બાનુભાઈ નાનુભાઈને ટ્રસ્ટની મીલ્કત વેચાણ કરવા સંદર્ભે સત્તા આપતો ઠરાવ છે જેને તેનો ઓળખે છે. સદર કામે ઠરાવ નં. ૩ વાળો અસલ દસ્તાવેજ આ કામના આરોપીઓની કસ્ટડીમાં હોય તથા જેની નકલ રજુ કરી તેઓએ દસ્તાવેજ કરેલો જેથી અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી ઠરાવ નં. ૩ ની ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૭૫ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને ખોટો પરવાનગીનો ઉભો કરેલ હુકમની નકલ બતાવવામાં આવે છે કે, જે ભટ્ટ નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટ ઉમરેઠની મીલ્કત રે.સ.નં. ૭૧૩/૧ તથા રે.સ.નં. ૭૧૪ ના વેચાણ માટેની પરવાનગી આપવા બાબતનાં વિષય અનુસંધાને તેમજ વિષય અનુસંધાનેની જમીન ખેતી વિષયક પડતર બીન પીયત પડી રહેલી જગ્યા ભટ્ટ નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટ ઉમરેઠની માલીકીની પડી રહેલ છે. જે જગ્યા હાલમાં પટેલ આશાભાઈ સોમાભાઈ રહે. ઉમરેઠનાની પાસે કબ્જેદાર છે આ મીલ્કત તેઓને વેચાણ આપવા માટે ટ્રસ્ટનાં ટ્રસ્ટી તરફથી મળેલ ઠરાવ તથા અરજીનાં અનુસંધાનમાં ટ્રસ્ટનાં હીતમાં આ મિલ્કત વેચાણ કરવા પરવાનગી આપવામાં આવે છે અને વિષય અનુસંધાનવાળી રે.સ.નં. ૭૧૩/૧ તથા ૭૧૪ વાળી જમીન રૂ.૫૫,૦૦૦/– માં વેચાણ આપવા મંજુરી આપવામાં આવે છે અને રજી. દસ્તાવેજ થયેથી અત્રેની કચેરીએ જાણ કરવાની રહેશે તેવું લખાણ કરી બી.પી. હડીયાની મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદની ખોટી સહી તેમજ જા. નં.જ–૩/૧૬૮–૫/૨૦૦૦, તા. ૨૪/૦૫/૨૦૦૦ નો ખોટી રીતે નોંધી મદદનીશ ચેરીટી કમિશ્નરનો રાઉન્ડ સીલ તથા મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદ પ્રદેશ તેવું લખી ઉભો કરવામાં આવેલ છે જે અંગે તેઓએ તપાસ કરેલી હોય આ ખોટા ઉભા કરેલા દસ્તાવેજને તેઓ ઓળખે છે. સદર કામે પરવાનગી વાળો અસલ દસ્તાવેજ આ કામનાં આરોપીઓની કસ્ટડીમાં હોય તથા જેની નકલ રજુ કરી તેઓએ દસ્તાવેજ કરેલો જેથી અસલ દસ્તાવેજ રેકર્ડ

ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી પરવાનગીની ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૭૬ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને બે નોંધણીનાં દાખલા બતાવવામાં આવે છે જે તપાસના કામે બી.પી. હડીયા સાહેબની અસલ સહી સંદર્ભના જે દસ્તાવેજો મેળવવામાં આવેલા હતા તે બે દાખલા છે, જે જય સંતશ્રી ત્રિકમ સાહેબ ટ્રસ્ટ તથા હરીઓમ મહીલા મંડળ નડીયાદનાં મદદનીશ ચેરીટી કમિશ્નરની કચેરી નડીયાદ ખાતાનાં બન્ને ટ્રસ્ટોની નોંધણી સબબ આપવામાં આવેલા દાખલા છે. જેમાં દાખલો કાઢી આપનાર અધિકારી તરીકે બી.પી.હડીયા સાહેબની સાચી અને ખરી સહીઓ છે જેને તેઓ ઓળખે છે. બન્ને નોંધણીના દાખલાને સંયુકત આંક–૭૭ આપવામાં આવે છે. તેમને પાન નં. ૧ થી ૧૧ બતાવવામાં આવે છે જે જોયને જણાવે છે કે, જે આ ગુના લગત તપાસનાં કામે મેળવેલ રાઉન્ડ સીલ તેમજ કચેરીનાં ઉપયોગમાં લેવાતા સિકકાઓની છાપો તેમજ ઘસાયેલા સિકકા અંગે નવા સિકકા બનાવવા માટે કરવામાં આવેલ હુકમ તેમજ તે અંર્તગત સિકકા બનાવવા સંદર્ભનાં નાણાંકીય બિલો જે તેમણે તપાસના કામે મેળવેલ હતા. જેને તેઓ ઓળકે છે. પાન નં. ૧ થી ૧૧ ને સંયુકત આંક–૭૮ આપવામાં આવે છે. તેમને આંક–૭૬ વાળો ખોટો ઉભો કરેલ પરવાનગી હુકમ તેમજ સંયુકત આંક–૭૮ સંદર્ભેનો પેઈજ નં. ૧ થી ૩ બતાવવામાં આવે છે જે જોયને જણાવે છે કે, ખોટા પરવાનગી હુકમમાં બી.પી. હડીયા સાહેબની સહીની નીચે મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદ પ્રદેશ તેવા સિકકાની છાપ છે. જ્યારે તપાસના કામે મેળવેલ અસલ નમુનાઓ મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદ પ્રદેશ નડીયાદ તેવા લખાણ વાળો સિકકો છે જેથી આંક–૭૬ વાળો દસ્તાવેજ ખોટો ઉભો કરેલાનો સ્પષ્ટ થાય છે. તેમને આંક–૭૬ વાળો ખોટો ઉભો કરેલ પરવાનગી હુકમ તેમજ સંયુકત આંક–૭૭ વાળા નોંધણીના દાખલા બતાવવામાં આવે છે જે જોયને કહે છે કે, દાખલાઓમાં દાખલો કાઢી આપનાર અધિકારી તરીકે કરવામાં આવેલી બી.પી હડીયા સાહેબની સહી સાચી અને ખરી છે. જયારે આંક–૭૬ ઉભા કરેલ પરવાસની હુકમમાં હડીયા સાહેબની કરવામાં આવેલ સહી ખોટી અને ઉભી કરેલ છે. તેમને ટાઈપનો નમુનો બતાવવામાં આવે છે કે, જે તેમને તપાસ અંતર્ગત હુકમોની પદ્ધતી મેળવેલ હતો આ નમુના તેમની કચેરીના

ટાઈપ થતા તથા લેખન શૈલી નિર્ધારીત થાય છે, જેમાં તેમની કચેરીમાંથી કોઈ પત્ર લખવામાં આવે તો વિષયનાં અનુસંધાને વિષય તરીકે ન નિર્દષતા 'બાબત' સંદર્ભે ઉલ્લેખવામાં આવે છે. તેમજ જે અધિકારી તેની નીચે સહી કરતા હોય ત્યાં મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદ પ્રદેશ નડીયાદનો સિકકો મારવામાં આવે અથવા ટાઈપ દ્વારા લખવામાં આવે છે. તેમજ ખોટા ઉભા કરેલા હુકમના ટાઈપના અક્ષરો તથા તેમની કચેરીમાં થતા ટાઈપના શબ્દો સ્પષ્ટપણે અલગ તરી આવે છે. આ ટાઈપનો નમુનો તેમને તપાસનો કામે મેળવેલ હતો તે જ છે જેને તેઓ ઓળખે છે. સદર ટાઈપનો નમુનો જે તે સમયે તપાસ કરી અમદાવાદ ખાતે તપાસના કાગળો સહીત મોકલવામાં આવેલ હોય અને હાલમાં આ અસલ કાગળો અમદાવાદ ખાતેથી મળી આવેલ તેમ ન હોય તેમજ તપાસના કામેનાં તેમની ઓફીસનાં કાગળો પણ ઉપલબ્ધ થઈ શકે તેમ ન હોય. જેથી સદર ટાઈપના નમુનાને પુરાવામાં રજુ દાખલ આંક–૭૯ આપવામાં આવે છે. તેમને પાન નં. ૧ થી ૫ બતાવવામાં આવે છે. જેમાં અરજદાર મુકેશકુમાર શાંતિલાલ પટેલની અરજી તેમજ તે લગતના કાગળો છે જે જોયને કહે છે કે, અરજદાર પટેલ મુકેશભાઈ શાંતિલાલનાઓએ મોજે ગામ ઉમરેઠ જે નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટની રે.સ.નં. ૭૧૩/૧ તથા રે.સ.નં. ૭૧૪ વાની મીલ્કત જેમાં ખરાબાની જમીન તથા કુવાનું હોલણ તથા ઓરડીઓ આવેલી છે જે ઓરડીઓ પૈકી તેઓ અરજદાર વર્ષોથી ભાડુઆત તરીકે કબ્જો છે. ઉપરોકત જમીન સંબંધી બીડેલ પરમીશનની રૂએ આ ટ્રસ્ટન ટ્રસ્ટીએ દસ્તાવેજ કરી ઉપરોકત જમીન પરમીશનમાં જણાવ્યા મુજબ આશાભાઈ સોમાભાઈ પટેલના નામે ટ્રાન્સફર કરી દીધેલ જેનો રજી. વેચાણ દસ્તાવેજ થયેલ છે. તો આ બાબતે આ કચેરીમાંથી આ સાથે બીડેલ પરમીશન આપની કચેરીમાંથી આપવામાં આવેલી છે કે, કેમ તેની જરૂરી તપાસ કરી તેની તેઓને લેખીત જાણ કરવા મહેરબાની કરશોજી. તે લખાણ સહીત મીલ્કત સંદર્ભની ૭/૧૨ ની નકલ તેમજ ગામ નમુના નં. ૬ ફેરફારની નકલ તથા પરમીશનની નકલ સાથેની અરજ જોઈન્ટ ચેરીટી કમિશ્નર સાહેબ વડોદરા તરફ ગુજારેલી અને તેઓની કચેરીએ પણ તેઓએ સાધનીદ કાગળો સહીતની જાણ કરેલી હતી તે લગત તેઓએ તપાસ કરેલ હતી. જે અંર્તગત

અરજીની સાથે જોડાયેલ ટુ કોપી વાળો પરવાનગી હુકમ તદન ખોટો અને ઉભો કરેલ હોવાનું તેમજ ખોટા પરવાનગી હુકમના આધારે સર્વેનં. ૭૧૩/૧ અને ૭૧૪ માં વેચાણ દસ્તાવેજ કરી ટ્રસ્ટીઓનાં નામ કમી કરી વેચાણ રાખનાર આશાભાઈ સોમાભાઈનું નામ ચઢાવવામાં આવેલ હતું તેમજ ગામના નમુના નં. ૬ માં વેચાણ લગતની અરજીઓ પ્રમાણીત થયેલાની અસરો રેકર્ડ ઉપર જણાતી હતી તે હકીકત ખુલવા પામેલ હતી. જેથી અરજદારે કરેલી અરજી તથા તે લગતના કાગળોને તેઓ ઓળખે છે. પાન નં. ૧ થી ૫ કાગળોને સંયુકત આંક–૮૦ આપવામાં આવે છે. તેમને નામ. કોર્ટનાં રેકર્ડમાંથી પ્રથમ માહીતી અહેવાલ બતાવવામાં આવે છે જે ઉમરેઠ પો.સ્ટે. એમ.કેસ.નં. ૧/૨૦૦૨ ઈ.પી.કો. કલમ ૨૬૩(એ), ૪૬૩, ૪૨૦, ૪૬૬(૧) વિગેરે કલમ સંદર્ભની ફરીયાદી મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદ વતી નિરીક્ષક રમેશભાઈ શનાભાઈ રાણાનાઓએ તહોમતદાર ભાનુભાઈ નાનાભાઈ ભટ્ટ. આશાભાઈ સોમાભાઈ, રમેશચંદ્ર ગીરધરલાલ, ઘનશ્યામભાઈ ગણપતરામ, ભગવાનદાસ છોટાલાલ, વિક્રમભાઈ ઘનશ્યામભાઈનાઓ વિરુધ્ધ સદર ગુના સબબની પો.સ્ટે. ખાતે આપેલ પ્રથમ માહીતી અહેવાલ છે જેમાં ફરીયાદી તરીકે આર.એસ. રાણાની સહી છે જેને તેઓ ઓળખે છે. પ્રથમ માહીતી અહેવાલને રજુ દાખલ આંક–૮૧ આપવામાં આવે છે. તેમને આંક–૨૧ વાળો હુકમ બતાવવામાં આવે છે જે ઈન્ચાર્જ ચેરીટી કમિશ્નર ગુજરાત રાજ્ય અમદાવાદ, કચેરી આદેશ ક્રમાંક: ૪૪/૨૦૦૨ કે જેના ધ્વારા શ્રી નાથાભાઈ આદીતરામ ટ્રસ્ટ ઉમરેઠ ટ્રસ્ટ નોંધણી નં. ઈ/૩૦૮/ખેડા સંસ્થાની સ્થાવર મિલ્કત ટ્રસ્ટીઓને મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદના ખોટા બનાવટી મિલ્કત વેચાણ પરવાનગીના હુકમથી–વેચાણ આપેલ છે. જે બાબતે મુસદા મુજબ ફોજદારી ફરીયાદ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ઉમરેઠમાં દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે. જે અંગેનો અધિકાર જાહેર ટ્રસ્ટ નોંધણી કચેરી નડીયાદના નિરીક્ષકશ્રીને આપવામાં આવેલ છે તે વિગતનો હુકમ ઈનચાર્જ ચેરીટી કમિશ્નર એ.એમ.ઉપાધ્યાયનાઓએ કરેલ છે તે આ હુકમ છે જેને તેઓ ઓળખે છે. તેમને ભટ્ટ નાથાભાઈ આદીતરામ ટ્રસ્ટ ફંડના લેટર પેડ ઉપર તા.

૦૨/૦૪/૨૦૨૦ ની મીટીંગનાં ઠરાવ નં. ૩ ની નકલ જે હાથથી નકલ કરેલી તા. ૦૬/૦૪/૨૦૨૦ ની બતાવવામાં આવે છે. જે ટ્રસ્ટની મોજે ગામ ઉમરેઠમાં આવેલી સર્વે નં. ૭૧૩/૧ તથા ૭૧૪ વાળી મીલ્કતો પૈકીનાં નામ. હાઈકોર્ટમાં ચાલતા કબ્જાના કેસ અંગે ટ્રસ્ટીઓની મીટીંગ તા.૧૩/૧૦/૧૯૯૯ નાં ઠરાવ નં. ૧૧ થી જમીન અંગે સમાધાન બાબતે ટ્રસ્ટી શ્રી ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટને વાતચીત કરી ટ્રસ્ટમાં રજુ કરવા સત્તા આપેલ તે મુજબ હાલના કબ્જેદાર પટેલ આશાભાઈ સોમાભાઈ સાથે વાતચીત કરતા તેઓ સદર જમીન સમાધાનથી લેવા ખુશી છે અને હાલમાં કબ્જા અંગેનો કેસ નામ.હાઈકોર્ટમાં ચાલે છે. તેમાં સમાધાન મુકી રૂા.૫૦,૦૦૦/–ની આસપાસ આવે તો સદર જમીન વૈચાણ કરવા સર્વાનુમતે ઠરાવ કરવામાં આવે છે અને કબ્જો તેમણે હાલ કેસમાં જણાવેલ બાઈ પાસે મેળવવાનો રહેશે. જેમાં ટ્રસ્ટીની કોઈ જવાબદારી રહેશે નહી અને ઉપરની કિંમતે લેવા તૈયાર થાય તો સદર જમીન અંગે બાનાખત કરવા પ્રમુખશ્રી ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટને સત્તા આપતો સર્વાનુમતે મંજુર કરેલ ઠરાવ છે. જેમાં ખરીનકલની નીચે ભાનુભાઈ નાનુભાઈ સભટ્ની સહી છે અને ટ્રસ્ટનો સિકકો કરેલ છે જે તપાસના કામે મેળવેલ તે આ નકલ છે જેને તેઓ ઓળખે છે. સદર ઠરાવને રજુ દાખલ આંક–૮૨ આપવામાં આવે છે. તેમને કાંતાબેન સોમાભાઈ સોલંકીની વિધવા તથા રાજુભાઈ સોમાભાઈ સોલંકી તથા શીલાબેન સોમાભાઈ તથા ગોપાલભાઈ સોમાભાઈનાઓએ પટેલ આશાભાઈ સોમાભાઈને લખી આપેલ તેઓની સહી વાળો રૂા.૨૦/–નો સ્ટેમ્પ બતાવવામાં આવે છે. જેમાં ઉમરેઠના રે.સ.નં. ૭૧૩/૧ અને ૭૧૪ વાળી મીલકત જે નાથારામ આદીતરામ ભટ્ટના ટ્રસ્ટની આવેલી છે. સદર મીલ્કતનાં કબ્જા અંગેનો કેસ નામ. હાઈકોર્ટમાં ચાલે છે અને સદર જમીન તેમના વડવાઓના સમયથી તેમના કબ્જામાં છે અને તેઓ તેનો વાપર ઉપભોગ કરે છે અને સદર જમીન તેમના ભાડા પટ્ટાના કબ્જામાં છે અને હાલ નામ. કોર્ટમાં કેસમાં ખર્ચ કરવા નાણાની જરૂરીયાત હોય તેમની પાસે નહી હોવાથી સદર જમીન આજરોજ તારીખ ૨૮/૦૪/૨૦૦૦ થી તમોને કબ્જે સોંપેલ છે. તે અંગેનું લખાણ લખી આપનાર કાંતાબેન સોમાભાઈ સોલંકીની

વિધવા તથા રાજુભાઈ સોમાભાઈ સોલંકી તથા શીલાબેન સોમાભાઈ તથા ગોપાલભાઈ સોમાભાઈનાઓએ પટેલ આશાભાઈ સોમાભાઈને લખી આપેલ છે આ લખાણ તપાસના કામે મેળવેલ તે જ છે જેને તેઓ ઓળખે છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી રૂા.૨૦/- વાળા સ્ટેમ્પ પેપર વાળા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક-૮૩ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને આંક-૭૨ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જે લખાવી લેનાર આશાભાઈ સોમાભાઈ અને લખાણ કરી આપનાર ભટ્ટ ભાનુભાઈ નાનુભાઈ પોતે જાતે તથા ભટ્ટ નાથાલાલ આદીતરામ ટ્રસ્ટ ફંડ ઉમરેઠનાં સર્વે ટ્રસ્ટીઓ વતી વહીવટદાર પ્રમુખ તરીકે પોતે જાતેનાઓ ધ્વારા મોજે ઉમરેઠનાં સર્વે નં. ૭૧૩/૧ તથા સર્વે નં. ૭૧૪ વાળી ટ્રસ્ટની માલીકીની જમીન સંદર્ભે નામ.હાઈકોર્ટમાં ચાલતી રીવીઝન એપ્લીકેશન નં.૧૧૨૯/૧૯૯૯ થી કબ્જો મેળવવા અંગેનો દાવો દાખલ કરેલો છે. જે મીલ્કત વેચાણ સમાધાનથી આપેલ છે તે સંદર્ભનો તેમજ રીવીઝન એપ્લીકેશન નં: ૧૧૨૯/૧૯૯૯ પરત ખેંચી લેવા સંદર્ભનો છે. જે તપાસના કામે મેળવવામાં આવેલો છે તે જ છે જેને તેઓ ઓળખે છે. તેમને વેચાણ દસ્તાવેજ કે, જે મોજે ગામ ઉમરેઠના મોચીવાડ ખાતે આવેલ મીલ્કત સીટી સર્વે નં. ૫૬૨૦ સંદર્ભનો રૂા. ૮૧,૦૦૦/- ની કિંમત વાળો રજુ કરનાર તરીકે રમેશચંદ્ર ભટ્ટની સહી વાળો અને વેચાણ આપનાર યાને લખી આપનાર તરીકે (૧) ભટ્ટ ભાનુભાઈ નાનુભાઈ (૨) રમેશચંદ્ર ગીરધરલાલ ભટ્ટની સહીઓ વાળો દસ્તાવેજ છે. જે તપાસના કામે મેળવવામાં આવેલ તે દસ્તાવેજ છે તથા તેની સાથે ઈન્ડેક્ષની નકલ અને મીલ્કત સંદર્ભનાં કાર્ડના ઉતારાની નકલ (દસ્તાવેજનાં કુલ પાના ૧૦) જે મેળવેલ તેને ઓળખે છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી સીટી સર્વે નં. ૫૬૨૦ વાળા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક-૮૪ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને મદદનીશ ચેરીટી કમિશ્નરની કચેરી નડીયાદનું તપાસનાં કામે તેમને મેળવેલ હાજરી પત્રક તેમજ ટેલીફોનીક રજીસ્ટર બતાવવામાં આવે છે જે જોયને કહે છે કે, ડીસેમ્બર-૨૦૦૦ તથા મે-૨૦૦૦ નાં સંદર્ભનાં વર્ગ-૩ ના કર્મચારીનાં હાજરીનાં દિવસો દર્શાવતા

હાજરી પત્રક છે. જેમાં અનુક્રમ તથા કોલમ નં. ૨ માં ફરજ ઉપરનાં કર્મચારીઓ તથા કોલમ નં. ૩ માં તેઓનો હોદ્દો તથા કોલમ નં. ૪ માં પગાર તથા ત્યારબાદ ૧ થી ૩૧ દિવસનાં ખાનાઓમાં કર્મચારીઓની ફરજ દરમ્યાન હાજરી દર્શાવતી વિગત દર્શાવેલી છે અને ત્યારબાદ કોલમ નં. ૬ માં ભોગવેલ રજાની વિગતો દર્શાવેલ છે. તેમજ ટેલીફોન રજીસ્ટર જે ડીસેમ્બર તથા જાન્યુઆરી માસની તારીખ સંદર્ભનું છે. જે બન્ને રજીસ્ટરો સદર કામે ઉભી કરવામાં આવેલી ખોટા પરવાનગી હુકમના સંદર્ભમાં કોઈ કર્મચારીની સંડોવણી છે કે, કેમ તે નિર્ધારીત કરવા માટે મેળવવામાં આવેલ હતા જેને તેઓ ઓળખે છે.(કુલ પેઈજ–૪) સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી હાજરી પત્રક અને ટેલીફોન રજીસ્ટરનો ઉતારા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૮૫ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને ભટ્ટ નાથાલાલ આદિતરામ ટ્રસ્ટની ઠરાવની કોપી બતાવવામાં આવે છે. જે ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા મીટીંગ ભરી જે વિવિધ કામ લગત જે ઠરાવ કરવામાં આવેલ હતા તે સંદર્ભે અનુક્રમ નં. ૧ થી ૧૧ સંદર્ભની છે જેના ધ્વારા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની વિગત તથા તેમણે ઠરાવ ધ્વારા જે નિર્ધારણ કરેલ હતું તે વિગતો છે. જે મીટીંગ ભરાયેલ હતી તેમાં ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટ, ઘનશ્યામભાઈ ગણપતલાલ ભટ્ટ અને રમેશચંદ્ર ગીરધરલાલ ભટ્ટનાઓએ મીટીંગ ધ્વારા કામગીરી હાથ ધરેલ હતી, તે આ કોપી છે જે તપાસના કામે મેળવેલ હતી તે જ છે જેને તેઓ ઓળખે છે, જે ઠરાવની કોપી (પેઈજ નં. ૧ થી ૩) સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી ઠરાવ (પેઈજ નં. ૧ થી ૩) વાળા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૮૬ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને ભટ્ટ નાથાલાલ આદીતરામ ટ્રસ્ટ વતી ભાનુભાઈ નાનુભાઈનાઓએ ચેરીટી કમિશ્નરને ઉદેશીને લખેલ પત્ર બતાવવામાં આવે છે જે જોયને તેઓ જણાવે છે કે, સદર પત્રમાં ટ્રસ્ટી ધ્વારા કાયદાની કોઈ જાણકારી ન હોવાનું તેમજ મિલ્કત સંદર્ભે પરવાનગી મેળવવા માટે ટ્રસ્ટ દ્વારા કોઈ અરજી કરવામાં આવેલ નથી. પરંતુ આ અંગે વૈચાણ રાખનાર આશાભાઈ સોમાભાઈ પટેલ પરવાનગી લાવવાની છે તેવી વિગતો વાળો પત્ર પાઠવેલ હતો. પત્રમાં જે

વિગતો દર્શાવેલી હતી કે, તેઓ ટ્રસ્ટીને કાયદાની કોઈ મીલ્કત ખરીદનારે એટલ કે, આશાભાઈ સોમાભાઈ પટેલનાઓએ લાવવાની હતી તે જે વિગતો દર્શાવેલી છે, તે તદન ખોટી છે. સદર પત્ર તપાસનાં કામે રજુ રાખેલ તે જ છે જેને તેઓ ઓળખે છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય, જેથી પત્ર દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૮૭ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને મુકેશભાઈ શાંતિલાલ પટેલનાઓએ ચેરીટી કમિશ્નરની કચેરી નડીયાદ તથા વડોદરાને ઉદેશીને લખેલ તા.૨૫/૦૧/૨૦૦૧ ની તેઓની સહી વાળી નોટીસ બતાવવામાં આવે છે જે નોટીસમાં તેઓ ટ્રસ્ટની માલીકીના રે.સ.નં. ૭૧૩/૧ અને ૭૧૪ તેમજ ૧૩૩૩/૧ ની મીલ્કતમાં બે ઓરડીઓ અને બીજી એક ઓરડી એમ કુલ ૩ ઓરડીઓનાં ભાડુઆત હોવાની તેમજ ખોટી પરવાનગીથી મીલ્કતોનું વેચાણ કરેલ હોવાની તેમજ તેઓનાં મીલ્કત સંદર્ભી હકકોને નુકશાન થયેલાની વિગતો સાથેની નોટીસ આપેલી છે. જે તપાસના કામે સામેલ રાખેલી તે જ છે જેને તેઓ ઓળખે છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય, જેથી નોટીસ વાળા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૮૮ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને ભટ્ટ નાથાભાઈ આદીતરામ ટ્રસ્ટ ઉમરેઠની મીલ્કત સર્વે નં. ૭૧૩/૧ તથા સર્વે નં. ૭૧૪ સંદર્ભનાં વેચાણ માટેની પરવાનગી સંદર્ભનો ટુ કોપી કરેલ હુકમ બતાવવામાં આવે છે. જે કોઈ પરવાનગી આપવામાં ન આવેલી હોવા છતાં તે હુકમને ટુ કોપી કરવામાં આવેલ હતો. જે તપાસનાં કામે તેઓએ સામેલ રાખેલ તે જ છે. આ પરવાનગી પત્ર પર ટુ કોપી કરનાર તરીકે ચીફ ઓફીસરની સહી છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી ટુ કોપી વાળા પરવાનગી પત્ર દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૮૯ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને નિ. ૨/૪ વાળો સંયુકત ચેરીટી કમિશ્નર વડોદરાનાં અધિકારીએ ચેરીટી કમિશ્નર અમદાવાદને લખેલ પત્ર કે, જે ભટ્ટ નાથાભાઈ આદીતરામ ટ્રસ્ટ વિષય અનુસંધાને તેઓની કચેરી ખાતેથી મીલ્કતનાં વેચાણ સંદર્ભે કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી. તેઓ ખાનગી પત્ર તા. ૧૯/૦૨/૨૦૦૧ નો સાદર કરવામાં આવેલ હતો. જેમાં

સંયુકત ચેરીટી કમિશ્નર તરીકે એ.એમ. ઉપાધ્યાયની સહી છે, જેને તેઓ ઓળખે છે અને જેમાં વધુ તપાસ થવા અંગેનો પણ ઉલ્લેખ કરેલો છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી ખાનગી પત્ર વાળા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૯૦ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને ઈન્ચાર્જ ચેરીટી કમિશ્નર અમદાવાદ દવારા શ્રીમતિ વાય.એસ.હાલાણીને પ્રાથમિક તપાસ કરી અહેવાલ સોંપવા અંગેનો હુકમ બતાવવામાં આવે છે. જે મુકેશકુમાર શાંતિલાલની તા. ૨૬/૧૨/૨૦૦૦ ની અરજી સંદર્ભેનો છે જેને તેઓ ઓળખે છે. જે તપાસનાં કામનો હોય જેથી તેને ઓળખે છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી અહેવાલ સોંપવા અંગેના હુકમ વાળા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૯૧ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને નાયબ ચેરીટી કમિશ્નર વાય.એસ.હાલાણીનાઓએ ચેરીટી કમિશ્નર અમદાવાદને લખેલ ખાનગી પત્ર બતાવવામાં આવે છે જે તપાસ અંતર્ગત બી.પી. હડીયાના નિવેદન લેવા સંદર્ભનો છે. જેમાં નાયબ ચેરીટી કમિશ્નર તરીકે હાલાણી સાહેબની સહી છે જેને તેઓ ઓળખે છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી ખાનગી પત્ર વાળા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૯૨ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને સંયુકત ચેરીટી કમિશ્નર વડોદરાનાઓને ચેરીટી કમિશ્નર અમદાવાદને સંબોધીને લખેલો ખાનગી પત્ર છે જે સદરહું ગુના સબબ થયેલ તપાસ અંતર્ગત વધુ તપાસ થવા માટે ચેરીટી કમિશ્નર અમદાવાદને સંબોધતો વિવિધ બાબત સંદર્ભનો સંયુકત ચેરીટી કમિશ્નર અમરીશ એમ.ઉપાધ્યાયની સહી વાળો પત્ર છે. જે તપાસનાં કામનો પત્ર હોય જેને તેઓ ઓળખે છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી ખાનગી પત્ર વાળા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક–૯૩ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને મદદનીશ ચેરીટી કમિશ્નર વિભાબેન દવેનો મુખ્ય ચેરીટી કમિશ્નાર ગુજરાત રાજય અમદાવાદને સંબોધીને તપાસ ૧૬૬/૨૦૦૦ અંતર્ગત લખાયેલ રીપોર્ટ બતાવવામાં આવે છે જે તપાસ અંર્તગત ટ્રસ્ટીઓ જવાબદાર હોવાનું રીપોર્ટ કરેલ છે આ રીપોર્ટ કરનાર તરીકે મદદનીશ ચેરીટી

કમિશ્નર વિભાબેન દવેની સહી છે જેને તઓ ઓળખે છે. તેમજ તેની સાથે નિરીક્ષક તરીકે તેમણે કરેલી તપાસ અંતર્ગતની નોંધ સામેલ છે. જેમાં ટ્રસ્ટીઓ જવાબદાર હોવાની વિગત દર્શાવેલી છે. જે નોંધ કરનાર તરીકે નીચે તેમની જે.આર.પટેલ તરીકે તેમની સહી છે જેને તેઓ ઓળખે છે. સદર કામે અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર પ્રાપ્ત થઈ શકે તેમ ન હોય જેથી રીપોર્ટ વાળા દસ્તાવેજને ઝેરોક્ષ નકલને પુરાવામાં આંક-૯૪ આપવાનો હુકમ કરવામાં આવે છે. નડીયાદ ચેરીટી કમિશ્નર કચેરી ખાતેની તપાસ ૧૬૬/૨૦૦૦ અંતર્ગત અરજદાર મુકેશકુમાર શાંતિલાલનો જવાબ તેમની રૂબરૂમાં લેવામાં આવેલ હતો તેમજ ટ્રસ્ટી ભાનુભાઈ નાનુભાઈનું તથા ટ્રસ્ટની મીલ્કત વેચાણ રાખનાર આશાભાઈ સોમાભાઈનો જવાબ લેવામાં આવેલ હતો. તેમને આંક-૯૪ બતાવવામાં આવે છે જે લગત કાગળોમાં લીધેલ અરજદાર મુકેશ શાંતિલાલના જવાબની કોપી છે. જે અંતર્ગત અરજદાર મુકેશ શાંતિલાલનાઓ ટ્રસ્ટની સર્વે નં. ૭૧૩/૧ તથા ૭૧૪ વાળી મીલ્કતમાં આવેલી ઓરડીઓનાં ભાડુઆત હોવાની. તેમજ ટ્રસ્ટ આશાભાઈ સોમાભાઈની ઉપરોકત સર્વે નંબર વાળી મીલ્કતો વેચાણ કરેલ હોવાની તેમજ આ મીલ્કત વેચાણ સંદર્ભે અગાઉ ટ્રસ્ટીઓ તથા આશાભાઈ સોમાભાઈ અરજદાર મુકેશભાઈ પાસે આવેલ ત્યારે તેઓએ મીલ્કત વેચાણ સંદર્ભનો પરવાનગીનો પત્ર બતાવેલ તે હકીકત તેમજ મીલ્કત વેચાણ દસ્તાવેજના આધારે મીલ્કતનાં ૭/૧૨ માં માલીકી હકક બદલાઈ ગયેલ યાને કે ટ્રસ્ટના નામની મીલ્કત ૭/૧૨ માં ખરીદનાર આશાભાઈ સોમાભાઈના નામે ટ્રાન્સફર થઈ ગયેલાની અને તે સંદર્ભની પાકી એન્ટ્રી થઈ ગયેલાની હકીકત વાળો જવાબ તેમની રૂબરૂમાં લખાવેલ હતો સાથે સાથે જરૂરી સાધનીક કાગળો જેવા કે ગામના નમુના નં. ૭/૧૨ ના ઉતારાની નકલ તથા મોજે ગામ ઉમરેઠ જી. આણંદના ગામ નમુના નં. ૬ ની નકલો રજુ કરેલ હતી. જે અંતર્ગત ૧૬૦૪૫ નંબર થી તા. ૩૦/૦૫/૨૦૦૦ નાં રોજની એન્ટ્રી થી રે.સ.ના ૭૧૩/૧ તથા ૭૧૪ પાળી મીલ્કતની નોંધ પ્રમાણીત થયેલાની વિગત ખુલવા પામેલ. તેમની રૂબરૂનાં જવાબમાં જવાબ આપનાર તરીકે મુકેશભાઈ શાંતિલાલની તેમની રૂબરૂની સહી છે અને રૂબરૂ તરીકે તેમની પોતાની સહી તથા હોદ્દાની વિગત તથા તા.

૨૭/૧૨/૨૦૦૦ ની તેમના સ્વહસ્તાક્ષરમાં લખાયેલી છે તેને તેઓ ઓળખે છે તથા તેની સાથે જોડાયેલા ૭/ ૧૨ અને ગામના નમુન ન ૬ ના પત્રકને પણ ઓળખે છે. જે તપાસ અંતર્ગત તેમને સોંપવામાં આવેલ તે છે તે જવાબ તથા તે લગતનાં કાગળો જેને રજુ દાખલ આંક–૯૪/એ તેમજ તપાસ લગત ટ્રસ્ટી ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટનો પણ તેમની રૂબરૂ જવાબ લેવામાં આવેલ હતો તે અંતર્ગત તેઓએ પોતાના જવાબમાં ભટ્ટ નાથાલાલ આદીતરામ ટ્રસ્ટ જે જાહેર ટ્રસ્ટ હોવાની તેમજ રે.સ.નં. ૭૧૩/૧ તથા ૭૧૪ મીલ્કત વેચાણ સંદર્ભે તારીખ ૦૨/૦૪/૨૦૦૦ ની મીટીંગમાં ટ્રસ્ટીઓએ સર્વાનુંમતે પોતાને સત્તા સોંપાયેલાની તથા વેચાણ કરવા માટેની પરવાનગી મેળવવા માટેની અરજી તેમણે કે, કોઈ ટ્રસ્ટીએ નહી કરેલા હોવાની હકીકત તેમની રૂબરૂનાં જવાબમાં તેઓએ જણાવેલ છે જેમાં જવાબ આપનાર તરીકે તેમની રૂબરૂમાં તેઓએ પોતાની સહી કરેલ છે. તેમજ રૂબરૂ તરીકે તેમની પોતાની સહી તથા હોદ્દાની વિગત તથા તા. ૨૭/૧૨/૨૦૦૦ ની તારીખ નોંધેલ છે જેને તેઓ ઓળખે છે. જેને રજુ દાખલ આંક–૯૪/બી તથા તપાસ લગત ટ્રસ્ટની મીલ્કત ખરીદનાર આશાભાઈ સોમાભાઈનું તેમણે નિવેદન નોંધેલ હતું. જેમાં ભટ્ટ નાથારામ આદીતરામ ટ્રસ્ટની સર્વે નં. ૭૧૩/૧ તથા ૭૧૪ મીલ્કતના તેઓ કબ્જેદાર હોવાની તથા તે મીલ્કત ટ્રસ્ટ પાસેથી વેચાણ રાખવા સંદર્ભે ટ્રસ્ટના ટ્રસ્ટી ભાનુભાઈ સાથે વાતચીત કરેલાની તેમજ તે અંતર્ગત ટ્રસ્ટી ધ્વારા તેઓને વેચાણ દસ્તાવેજ ધ્વારા મીલ્કત વેચાણ કર્યા હોવાની તેમજ તેઓએ નાણા ચુકવેલ હોવાની હકીકત તેમની રૂબરૂ જાહેર કરેલ હતી. જેમાં આશાભાઈ સોમાભાઈની સહી છે અને રૂબરૂ તરીકે તેમની પોતાની સહી તથા હોદ્દો તથા તા. ૨૭/૧૨/૨૦૦૦ ની વિગત તેમના સ્વહસ્તાક્ષરમાં લખાયેલ જેને તેઓ ઓળખે છે.જેને રજુ દાખલ આંક–૯૪/સી આપવામાં આવે છે. સદરહુ આંક–૯૫ તથા ૯૫/એ, બી અને સી તપાસ નં. ૧૬૬/૨૦૦૦ અંતર્ગતના જ કાગળો છે જેને તેઓ ઓળખે છે. તેમને ભટ્ટ નાથાલાલ આદીતરામ ટ્રસ્ટની મીલ્કત રે.સ.નં. ૭૧૩/૧ તથા ૭૧૪ સંદર્ભે ટ્રસ્ટી ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટ ધ્વારા મેળવવામાં આવેલ વેલ્યુએશન રીપોર્ટ બતાવવામાં આવે છે જેના વેલ્યુઅર તરીકે ટી.એસ. શાહનાઓ કે, જે

કન્સલ્ટીંગ એન્જીનીયર અને રજીસ્ટ્રર્ડ વેલ્યુઅર છે તેમના દવારા મીલ્કત સંદર્ભેની વેલ્યુ રૂા.૫૩,૦૦૦/– નિધારણ કરી તેઓની સહી વાળો રીપોર્ટ આપેલ છે. જે રીપોર્ટમાં અનુક્રમ નં.૨ ડેટ એસ ઓન વીચ કોલમમાં તા. ૨૭ નવેમ્બર ૧૯૯૯ ની વેલ્યુએશન ઈસ મેડ ના તારીખ સંદર્ભનો વેલ્યુ નિર્ધારણ કરવામાં આવેલી છે. આ રીપોર્ટ તપાસના કામે મેળવેલ હતો તે જ છે જેને તેઓ ઓળખે છે. પઈજ નં. ૧ તથા ૨ ને સંયુકત રજુ દાખલ આંક–૯૫ આપવામાં આવે છે. તેમને એફ.ડી.ની બે કોપી બતાવવામાં આવે છે જેમાં (૧) ધી ઉમરેઠ અર્બન કો. ઓપ. બેન્ક લી. ની રસીદ નં. ૫૩/૧૫૮૨૪ વાળી તા. ૧૬/૦૮/૨૦૦૦ થી તા. ૧૬/૦૮/૨૦૦૩ ની પાકતી તારીખની રકમ રૂા. ૧૦,૦૦૦/– ની નાથાભાઈ આદીતરામ ભટ્ટ ટ્રસ્ટના નામવાળી તથા (૨) બેન્ક ઓફ બરોડા ઉમરેઠ શાખાની તા. ૨૯/૦૬/૨૦૦૦ થી તા. ૨૯/૦૬/૨૦૦૩ ની પાકતી તારીખની ટીડીઆર નં.૩૭૮૮૩૯ ની રૂા. ૪૫,૦૦૦/– ની રકમની ભટ્ટ એન.એ ટ્રસ્ટ ના નામવાળી એફ.ડી. છે. જે ટ્રસ્ટની મીલ્કતની વેચાણ સંદર્ભેની તપાસ અંતર્ગત મેળવવામાં આવેલી તે કોપી છે જેને તેઓ ઓળખે છે. આંક–૬૮ તથા તે લગત ચેરીટી કમિશ્નાર અમદાવાદનો પત્ર તથા આંક–૬૦ તથા તે લગત ઉમરેઠ પોલીસ સ્ટેશનનો પત્રને ધ્યાને લઈ સદર એફ.ડી. ની કોપીઓ એફ.ડી.ની કોપીને પુરાવામાં આંક–૯૬ આપવાનો હુકમ કરવામાં આવે છે. તેમને ટ્રસ્ટની પી.ટી.આર. ની કોપી બતાવવામાં આવે છે. જે સદરહું કામે તપાસ અંતર્ગત મેળવવામાં આવેલી હતી તે છે, જેમાં ટ્રસ્ટના નામના કોલમમાં ભટ્ટ નાથાભાઈ આદીતરામ ટ્રસ્ટ ઉમરેઠની વિગત લખાયેલી છે. જ્યારે કોલમ નં. ૩ માં ટ્રસ્ટી અને મેનેજરોનાં નામ અને તેના સરનામાઓમાં (૧) ઘનશ્યામભાઈ ગણપતરામ ભટ્ટનું નામ તેમજ તેઓનું સરનામું તથા (૨) ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટ તથા (૩) રમેશચંદ્ર ગીરધરલાલ ભટ્ટ તથા (૪) વિક્રમકુમાર ઘનશ્યામપ્રસાદ શુકલ (૫) ભગવતલાલ છોટાલાલ ભટ્ટનું નામ તથા સરનામું દર્શાવેલ છે. આ વિગતથી ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ કોણ છે, તે ફલીત થાય છે તેમજ પી.ટી.આર.ના પેઈજ નં. ૨ ઉપર ટ્રસ્ટ કઈ મીલ્કત ધરાવે છે, તે હકીકત દર્શાવેલી છે. જેમાં ઉમરેઠ સીમના સર્વે નં. ૭૧૩ તથા

૭૧૪ ના સર્વે નંબરોની વિગત દર્શાવેલી છે, એટલે કે, આ બંને સર્વે નંબરની માલીકી ટ્રસ્ટની હોવાની વિગત ફલીત થાય છે. આ પી.ટી.આર. માં નીચે ખરી નકલ કરનાર તરીકે જાહેર ટ્રસ્ટોની નોંધણી કચેરી નડીયાદના અધીક્ષક કે.એમ. પરમારની સહી છે. આ તપાસના કામે તેમને મેળવેલ તે પી.ટી.આર.ની કોપી છે જેને તેઓ ઓળખે છે અને તેની વિગત થી પણ વાકેફ છે. જેને રજુ દાખલ આંક–૯૭ આપવામાં આવે છે. તેમને તા.૧૫/૦૨/૨૦૦૧ ટ્રસ્ટના ટ્રસ્ટી ભાનુભાઈનાઓએ મામલદતારશ્રી ઉમરેઠ, જીલ્લા રજીસ્ટ્રારશ્રી આણંદ, સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટ ઉમરેઠ, તલાટીશ્રી ઉમરેઠ, ચીફ ઓફીસર ઉમરેઠ ને સંબોધીને લખાયેલ પત્ર બતાવવામાં આવે છે, જે સ્થાવર મીલ્કત તબદીલ કરવાના વિષય અનુસંધાને જે ઉમરેઠનાં રે.સ.નં. ૭૧૩/૧ તથા રે.સ.નં.૭૧૪ વાળી મીલ્કત ભેટ નાથાભાઈ આદીતરામ ટ્રસ્ટની માલીકીની અને આ મીલ્કત અંગે કાયદાકીય વિવાદ ઉભો થયેલો હોય કચેરીના સંબંધીત રેકર્ડ માંથી ટ્રસ્ટીને સાંભળ્યા વિના કમી ન કરવા અંગેની વિનંતીનો પત્ર છે. જેમાં ટ્રસ્ટી ભાનુભાઈ નાનુભાઈની સહી છે જે તપાસનાં કામે મેળવેલ તે પત્ર છે. સદરહુ પત્રમાં દર્શાવેલી મીલ્કતો વેચાણ દસ્તાવેજ થી વેચાણ થઈ ગયેલી હતી અને તે સંદર્ભની ૭/૧૨ ના ઉતારામાં નોંધ પણ થઈ ગયેલી હતી. પરંતુ બચાવ ઉભો કરવાના કામે આ પત્ર પાઠવેલ હોવાનું ફલીત થયેલ હતું જેને તે ઓળખે છે. જેને રજુ દાખલ આંક–૯૮ આપવામાં આવે છે. તેમને તા.૧૫/૦૨/૨૦૦૧ નો ટ્રસ્ટના ટ્રસ્ટી ભાનુભાઈનાઓએ મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદ પ્રદેશને સંબોધીને લખાયેલ પત્ર બતાવવામાં આવે છે. જે સ્થાવર મીલ્કત તબદીલ કરવાના વિષય અનુસંધાને જે ઉમરેઠનાં રે.સ.નં. ૭૧૩/૧ તથા રે.સ.નં. ૭૧૪ વાળી મીલ્કત ભટ્ટ નાથાભાઈ આદીતરામ ટ્રસ્ટની માલીકીની અને આ મીલ્કત અંગે કાયદાકીય વિવાદ ઉભો થયેલો હોય કચેરીનાં સંબંધીત રેકર્ડમાંથી ટ્રસ્ટીને સાંભળ્યા વિના કમી ન કરવા અંગેનો વિનંતીનો પત્ર છે. જેમાં ટ્રસ્ટી ભાનુભાઈ નાનુભાઈની સહી છે. જે તપાસનાં કામે તેમને મેળવેલ તે પત્ર છે. સદરહું પત્રમાં દર્શાવેલી મીલ્કતો વેચાણ દસ્તાવેજ થી વેચાણ થઈ ગયેલી હતી અને તે સંદર્ભની ૭/૧૨ ના ઉતારામાં નોંધ પણ થઈ ગયેલી હતી

પરંતુ બચાવ ઉભો કરવાના કામે આ પત્ર પાઠવેલ હોવાનું ફલીત થયેલ હતું જેને તે ઓળખે છે. જેને રજુ દાખલ આંક–૯૯ આપવામાં આવે છે. તેમને તા. ૨૧/૦૫/૨૦૦૧ નો વડા મથક નોંધણી અમલદાર આણંદનાઓએ પ્રતિ શ્રી ભટ્ટ નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટ C/O. ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટને ઉદેશીને લખાયેલ રજીસ્ટર્ડ વેચાણ રદ કરવા બાબતનો પત્ર કે, જે દસ્તાવેજ અનુક્રમ નં. ૧૮૭ રે.સ.નં. ૭૧૩/૧ તથા ૭૧૪ અંતર્ગતનો હતો. જે પત્રની નકલ ચેરીટી કમિશ્નર નડીયાદ તરફ સાદર કરેલ હતી અને જે તપાસ અંતર્ગત ધ્યાને લીધેલ હતી તે જ છે જેને ઓળખે છે. આ પત્ર અનુસંધાને ટ્રસ્ટના ટ્રસ્ટી દ્વારા દસ્તાવેજ અનુક્રમ નં. ૧૮૭ યોગ્ય સ્ટેમ્પ વાપરી રદ કરાવવા અંગેની કોઈ કામગીરી કરવામાં આવેલી નહી તે હકીકત તપાસમાં ખુલવા પામેલ હતી. પત્રને રજુ દાખલ આંક–૧૦૦ આપવામાં આવે છે. તેમને પટેલ આશાભાઈ સોમાભાઈનાઓએ મહે. નાયબ ચેરીટી કમિશ્નર નડીયાદનાઓને ઉદેશીને લખેલ પત્ર બતાવવામાં આવે છે, જે ઉમરેઠના રે.સ.નં. ૭૧૩/૧ તથા ૭૧૪ વાળી મીલકતમાં પરવાનગી સંદર્ભેનો છે. જેમાં મીલ્કત ટ્રસ્ટની આવેલ છે. આ મીલ્કતમાં ૪ કબ્જેદાર છે અને આ મીલ્કત સમાધાનથી વેચાણ બાબતે ટ્રસ્ટ પાસે કબ્જેદારોને વાતચીત ચાલતી હોય અને તે મુજબ સમાધાન રાહે વેચાણ આપવાનું નકકી થયેલ હતું, જેમાં ટ્રસ્ટ માટે પરવાનગી મેળવવાની હોય છે અને આ પરવાનગી મેળવવા સમાધાન મુજબ પટેલ મુકેશભાઈ શાંતિલાલ પટેલને નકકી થયેલ હતું તેઓ ટ્રસ્ટની ઓરડીઓના કબ્જેદાર છે અને આ પરવાનગી તેઓએ મેળવેલ હતી તે મુજબ દસ્તાવેજ થયેલ છે અને ત્યારબાદ એક કબ્જેદાર બીજા કબ્જેદારને દસ્તાવેજ કરી આપે તે મુજબ દસ્તાવેજ થયેલ છે પરંતુ પાછળથી કબ્જેદારમાં વિવાદ થવાથી દસ્તાવેજ રદ થવા લખાણ આપેલ છે તે મુજબનો પત્ર પાઠવેલ હતો જેની નોંધ તપાસના કામે પણ લેવામાં આવેલ હતી જેમાં મુકેશભાઈએ કોઈ પરવાનગી અરજી મેળવવા માટે કોઈ કાર્યવાહી હાથ ધરેલી હોય કે કોઈ અરજી કરેલી હોય તેવું બનેલ નહીં પરંતુ મુકેશભાઈએ ખોટી પરવાનગીથી દસ્તાવેજ કરેલ હોવાની જાણ કરતી અરજી કરેલ હતી અને તે અનુસંધાને તપાસ હાથ ધરવામાં આવેલ હતી. જે પત્રને રજુ દાખલ આંક–૧૦૧ આપવામાં આવે છે. તેમને

ખાનગી જા.નં. ૧૫૪/૨૦૦૧ તા. ૨૦ જુન ૨૦૦૧ નો પ્રતિ ચેરીટી કમિશ્નર અમદાવાદને લખાયેલો ખાનગી અહેવાલ છે, જે તપાસ સબબે અધિકારી શ્રીમતિ વાય. એસ. હાલાણીનાઓએ સોંપેલ રીપોર્ટ છે જેમાં ચેરીટી કમિશ્નરની કચેરી નડીયાદનાઓએ કરેલી લઈ તેમજ શ્રીમતી હાલાણીનાઓએ જે તપાસ કરેલી તે અંતર્ગતનો અહેવાલ છે. જે અરજદાર મુકેશકુમાર શાંતિલાલની અરજી અન્વયે ભટ્ટ નાથાભાઈ આદીતરામ ટ્રસ્ટ ઉમરેઠ ઈ૩૦૮/ખેડાની સ્થાવર મીલ્કત રે.સ.નં. ૭૧૩/૧ તથા રે.સ.નં. ૭૧૪ વાળી ટ્રસ્ટીઓએ મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદના ખોટા, બનાવટી મીલ્કત વેચાણ પરવાનગીના હુકમથી વેચાણ રાખનાર શ્રી આશાભાઈ સોમાભાઈને વૈચાણ આપેલ. જે અંતર્ગત થયેલ તપાસ અન્વયેનો અહેવાલ છે, જેમાં તેઓએ નડીયાદ ચેરીટી કમિશ્નરની તપાસ અન્વયે થી નિર્ધારીત થયેલ બાબત કે, મીલ્કતનું વેચાણ ખોટા કે, બનાવટી વેચાણ અંગેની પરમીશનનાં હુકમથી વેચાણ થયેલાની હકીકત સ્પષ્ટ થયેલાનું તેમજ તેઓને તપાસ મળ્યા બાદ સબંધીત અધિકારી અને કર્મચારીઓ તથા સાહેદોનાં નિવેદનો ધ્યાને લેતા તેઓ તે નિષ્કર્ષ ઉપર આવેલ હતા કે, ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની મીલ્કત આશાભાઈ સોમાભાઈને જે વેચાણ દસ્તાવેજથી આપેલ છે, તે વેચાણ બીલકુલ ગેરકાયદેસર છે. જેથી સંસ્થાના ટ્રસ્ટીઓ પોતાની જવાબદારી પૂર્ણ કરી શક્યા નથી અને નિષ્કાળજી દર્શાવેલ છે અને તમામ ટ્રસ્ટીઓને સંસ્થાના ટ્રસ્ટીઓ તરીકે રાખવા યોગ્ય નથી અને તેઓને દુર કરવા જોઈએ તેમજ ચેરીટી કમિશ્નરશ્રીએ મુંબઈ સાર્વજનીક ટ્રસ્ટ અધિનિયમ-૧૯૫૦ ની કલમ-૫૦ મુજબ દાવો કરવો જોઈએ. તેમજ આ વેચાણ રદબાતલ કરવા અંગે તથા સંસ્થાની મીલ્કત સંસ્થાને પરત મેળવવા અંગેનો દાવો કરવો જોઈએ તેઓ સ્પષ્ટ અભિપ્રાય તેઓએ આપેલા અહેવાલના પાન નં. ૪ ઉપર લખેલ છે. સદરહું અહેવાલ ચેરીટી કમિશ્નર નડીયાદની કચેરીએ તપાસ ૧૬૬/૨૦૦૦ અન્વયે જે મૂળ તપાસ કરેલ હતી તે અન્વયે વધુ તપાસ કર્યા બાદનો અહેવાલ હોય, અહેવાલની હકીકતથી અને તેમાં નકકી થયેલા અભિપ્રાય થી તેઓ માહીતગાર છે અને જેને ઓળખે છે. આ અહેવાલના અન્વયે જ નામ ઉમરેઠ કોર્ટમાં ફરીયાદ કરવા અન્વયેના હુકમ

મુખ્ય ચેરીટી કમિશ્નર અમદાવાદની કચેરીએથી કરવામાં આવેલા હતા અને જે આધારે ફરીયાદ દાખલ કરવામાં આવેલી હતી. જેને રજુ દાખલ આંક–૧૦૨ આપવામાં આવે છે. તેમને આંક–૨૧ તથા આંક–૭૪ વાળો ફરીયાદ કરવા સંદર્ભનો હુકમ બતાવવામાં આવે છે જે જોયને કહે છે કે, ખોટો પરવાનગી પત્ર ઉભો કરી વેચાણ દસ્તાવેજ કરી ટ્રસ્ટની મીલ્કત સર્વે નં. ૭૧૩/૧ તથા ૭૧૪ તબદીલ કરવા સંદર્ભેની તપાસ પૂર્ણ થયા બાદ કાયદેસરની ફરીયાદ નોંધાવવાના કરવામાં આવેલ હુકમ છે. પરંતુ આંક–૨૧ અન્વયે ફરીયાદ કરવા સમયે ગુજરાતમાં કોમી રમખાણ ચાલતા હોય કરફ્યુની સ્થિતિ હોય જે તે વખતે નામ. ઉમરેઠ કોર્ટમાં ફરીયાદ થઈ શકેલી નહીં. ત્યારબાદ આંક–૭૪ વાળો ફરીયાદ કરવા સબબનો નામજોગ હુકમ થતા તે વખતનાં નિરીક્ષક આર.એસ. રાણા સાહેબનાઓએ ઉમરેઠ કોર્ટમાં ફરીયાદ દાખલ કરેલ હતી. તેમને આંક–૭૯ વાળો તપાસના કામે મેળવેલ ટાઈપનો નમુનો તેમજ આંક–૭૬ વાળો ખોટો ઉભો કરેલ પરવાનગી હુકમ બતાવવામાં આવે છે જે જોયને કહે છે કે, આંક–૭૯ મુજબ તેમની ઓફીસમાં થતા ટાઈપ મુજબનો આ પરવાનગી પત્ર નથી, જેથી સ્પષ્ટપણે સાબીત થાય છે કે, આ પરવાનગી પત્ર ખોટી રીતે ઉભો કરવામાં આવેલ છે. તેમને આંક–૮૦ ના કામે રજુ થયેલા કાગળો વાળો ટુ કોપી વાળો પરવાનગી હુકમ તેમજ આંક–૮૯ વાળો ટુ કોપીવાળો પરવાનગી હુકમ બતાવવામાં આવે છે. આ બંને આંક વાળા હુકમો ખોટી રીતે ઉભો કરેલા પરવાનગી હુકમની ટુ કોપી છે. પરંતુ આંક–૮૦ વાળો કોપી હુકમ જે અરજદારની અરજીનાં કામે રજુ થયેલું ટુ કોપીવાળો હુકમ છે. જયારે આંક –૮૯ વાળો હુકમ જે ટ્રસ્ટીઓએ ચેરીટી કમીશ્નર નડીયાદને આપેલ આંક –૮૭નાં કામે રજુ થયેલ દસ્તાવેજો માનો ટુ કોપી વાળો હુકમ છે. જે તપાસનાં કામે તેમને પ્રાપ્ત થયેલો તે જ છે. તેમને આંક–૮૨ વાળો હસ્તલેખીત ઠરાવ તથા આંક –૭૫ વાળો ટાઈપ કરેલો ઠરાવ બતાવવામાં આવે છે, જે બંને ઠરાવ નં. ૩ ની કોપી છે. પરંતુ આંક–૮૨ વાળો હસ્તલેખીત ઠરાવ તપાસનાં કામે મેળવવામાં આવેલો તે છે. જયારે આંક–૭૫ વાળો ટાઈપ વાળો ઠરાવ વેચાણ દસ્તાવેજ વખતે વેચાણ દસ્તાવેજ લખી આપનાર તરીકેની સત્તા દર્શાવતો રજુ થયેલો ઠરાવ છે, જેને તે ઓળખે છે.

સદર કામે પોલીસે તેમની પુછપરછ કરી તેમનો જવાબ લીધેલ હતો. સદર કામના આરોપીઓ પૈકી આશાભાઈ સોમાભાઈ તથા ભાનુભાઈ નાનુભાઈને તેઓ ઓળખી શકે બીજા આરોપીઓને રેકર્ડ આધારીત ઓળખી શકે.

સદર સાહેદની આરોપી તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, હું મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદ ખાતે નિરીક્ષક તરીકે ફરજ બજાવતો હતો. અમારી કામગીરીમાં કોઈ અરજી આવે તો તેની તપાસ કરવાની તથા પુરાવા લઈને તે અંગે રીપોર્ટ કરવાનો રહે. જે તે સમયે અમારી કચેરીમાં અધિક્ષક, હિસાબનીશ, નિરીક્ષક, જુનીયર કલાર્ક, સીનીયર કલાર્ક તથા પટ્ટાવાળા તથા મદદનીશ ચેરીટી કમિશ્નર તેમ કુલ મળી આશરે ૭ થી ૮ લોકોનો સ્ટાફ હતો. એ વાત ખરી નથી કે દરેકના જુદા જુદા કેબીન હોય અને જુદી જુદી કામગીરી હોય. એ વાત ખરી છે કે, મદદનીશ ચેરીટી કમિશ્નર બી.પી. હડીયાએ જે તે સમયે કોઈ જાતે ફરીયાદ કરેલ નહીં. એ વાત ખરી નથી કે, અમારી કચેરીનાં સ્ટેશનરી અને સિકકા અમારી અમદાવાદ મુકામેની કચેરી જે પ્રમાણે નકકી થાય તે પ્રમાણેના હોય. એ વાત ખરી છે કે, અમારી કચેરીનાં કયા સિકકા અને કેવી છાપો છે તેવી બાબતનો કોઈ પુરાવો તપાસ કરનાર પોલીસ અધિકારીએ માંગેલો નહીં. એ વાત ખરી છે કે અમારી કચેરીનાં કયા સિકકા અને કેવી છાપો છે તે બાબતનાં કોઈ પુરાવાઓ અમોએ તપાસ કરનાર પોલીસ અધિકારીને આપેલ નહી.એ વાત ખરી નથી કે અમારી કચેરીનાં કામ કરતા તમામ મોટે ભાગે ટાઈપીંગ જાણતા હોય. એ વાત ખરી નથી કે દરેક વ્યકિતની ટાઈપ કરવાની પધ્ધતી અલગ અલગ હોય છે. એ વાત ખરી છે કે, સરકારી કચેરીમાં વિષય અને બાબત બંને એકજ સંદર્ભમાં વંચાણ લેવામાં આવે છે. એ વાત ખરી નથી કે અમારી ઓફીસની કોઈ ચોકકસ લેખન શૈલી હોય તે બાબતનો કોઈ પુરાવો અમોએ તપાસ કરનાર અધિકારીને આપેલો નથી. એ વાત ખરી નથી કે, હાલની ફરીયાદ મારા ઉપલા અધિકારના કહેવા મુજબ મારા સાથી અધિકારીએ આપેલ છે. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ અમોએ કરેલ નથી. એ વાત ખરી નથી કે, અમોએ આ કેસ બાબતે કોઈ નિવેદન લીધા હોય કે જાત તપાસ કરેલી હોય તેવું બનેલ નથી. એ વાત ખરી નથી કે સામાન્ય રીતે મારે મારા ઉપરી અધિકારીના

મૌખિક આદેશો મુજબ કામગીરી કરવાની રહેતી હતી. અમારી કચેરીમાં સરકારી દસ્તાવેજો પુરેપુરા સમય સુધી સાચવી રાખવા પડે. એ વાત ખરી છે કે, ગમે તેટલો જુનો દસ્તાવેજ હોય જયારે જરૂર પડે ત્યારે મળી રહે. એ વાત ખરી છે કે, જયારે અસલ દસ્તાવેજ અસ્તિત્વમાં હોય ત્યારે તેની ટ્રુ કોપી થઈ શકે તે સિવાય થઈ શકે નહીં. એ વાત ખરી છે કે, અધિકારીએ દિવસ દરમ્યાન ઘણીબધી સહીઓ કરવાની હોય. એ વાત ખરી નથી કે ઘણીબધી સહીઓ કરતા હોય ત્યારે પહેલી સહી થી છેલ્લી સહી કરવામાં આવે ત્યારે તેમાં થોડો ઘણો ફેરફાર થાય. એ વાત ખરી નથી કે, ફરીયાદ દાખલ કરવાનો અસલ હુકમ થયેલો જ ન હોવાના કારણે આ કામે હુકમ રજુ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, કહેવાતા ખોટા સિકકા કોની પાસેથી બનાવડાવ્યા તે બાબતે મારી કચેરીએથી આજદિન સુધી કોઈ ફરીયાદ થયેલ નથી. એ વાત ખરી છે કે, અમારા કહેવા મુજબ અમોએ આરોપીઓનાં નિવેદન લીધેલા. એ વાતની મને ખબર નથી કે અમોએ નિવેદનો લીધા તે વખતે આરોપીઓ પાસેથી અસલ પરવાનગી પત્ર મળી આવેલ કે કેમ. એ વાત ખરી નથી કે, આવો કોઈ અસલ પરવાનગી પત્ર અસ્તિત્વમાં ન હોય જેથી અમોએ તે નામ. કોર્ટમાં રજુ કરેલ નહીં. એ વાત ખરી છે કે, બી.પી. હડીયા સાહેબની પરવાનગી પત્રમાં સહી ખરી છે કે કેમ તે બાબતે આજદિન સુધી હેન્ડરાઈટીંગ એકસપર્ટને રીપોર્ટ કરવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે હેન્ડરાઈટીંગ એકસપર્ટ વિના કોઈ ચોકકસ સહી બી.પી. હડીયાની છે કે નહી તે અમો કહી શકીએ નહીં. એ વાત ખરી નથી કે, ટાઈપનાં નમુનાની ઝેરોક્ષ આંક–૭૯ થી રજુ રાખેલી તેની અસલ મેળવવાનો અમોએ કોઈ પ્રયત્ન કરેલ નહીં. એ વાતની મને ખબર નથી કે, કહેવાતો અસલ પરવાનગી પત્ર પોલીસને પણ તેઓની તપાસમાં મળી આવેલ નહીં. એ વાત ખરી નથી કે અમોએ આજદિન સુધી અસલ પરવાનગીનો હુકમ જોયેલો નહીં. એ વાત ખરી છે કે, જયારે પણ કોઈ મિલ્કત વેચાણ અર્થે ચેરીટી કમિશ્નરની પરમીશન લેવાની હોય ત્યારે ચેરીટી કમિશ્નરે ટ્રસ્ટનું હિત ધ્યાને લેવાનું હોય છે. એ વાત ખરી છે કે, ઠરાવ નં. ૩ જેનો આંક–૭૫ છે તે મીલ્કત વેચાણ કરવા અંગેની તમામ કાર્યવાહીની સત્તા આરોપી નં. ૧ ને આપેલી. એ વાત ખરી છે કે ટ્રસ્ટ એક વખત ઠરાવ કરી

કોઈપણ એક ટ્રસ્ટીને વેચાણ કરવા અંગેની કાર્યવાહીની તમામ સત્તા આપી દે ત્યારબાદ અન્ય ટ્રસ્ટીઓની આ કામગીરી માટે જરૂરીયાત રહેતી નથી. એ વાતની મને ખબર નથી કે, આરોપી નં. ૧ સિવાય કહેવાતો પરવાનગી પત્ર બનાવવામાં અન્ય આરોપીઓની કોઈ ભુમીકા છે કે કેમ.એ વાત ખરી નથી કે આરોપી નં. ૩ અને ૬ ની કોઈ પ્રત્યેક્ષ ભુમિકા હોય તેવું અમોએ ફરીયાદમાં જણાવેલ નથી કે તપાસમાં ખુલી આવેલ નહી. એ વાત ખરી છે કે, વેચાણ દસ્તાવેજના નાણાં ટ્રસ્ટના ખાતામાં જમા થયેલ. એ વાત ખરી છે કે આરોપી નં. ૩ અને ૬ એ અંગત વપરાશ માટે નાણાં લીધેલા હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે કોઈપણ ટ્રસ્ટના ટ્રસ્ટી ટ્રસ્ટને નુકશાન થાય તેવું કાર્ય કરે તેવા સંજોગોમાં મુખ્ય ચેરીટી કમિશ્નરને જે તે ટ્રસ્ટીને હોદ્દા ઉપરથી દુર કરવાની સત્તા રહેલી છે. એ વાત મારા જાણમાં નથી કે હાલના ટ્રસ્ટીઓ સામે હોદ્દા ઉપરથી દુર કરવાની કોઈ કામગીરી થયેલી છે કે કેમ. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવટી પત્ર અંગે અમારા સ્ટાફની કોઈ પુછપરછ થયેલી નથી. એ વાત ખરી નથી કે પુછપરછ થયેલી હોય તેવા કોઈ પુરાવા અમોએ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ,આર.એસ.રાણાનાઓને આ કેસ બાબતે જેવી અને જેટલી માહીતી હતી તેવી અને તેટલી માહીતી મને નથી. એ વાત ખરી છે કે અમારા ખાતામં ખાતાને લગતી કોઈપણ અરજી આવે તો તે અમારે પરત કરાઈ નહી સ્વિકારવી પડે. એ વાત ખરી નથી કે મિલ્કત વેચાણ કરવાનીપરવાનગી માંગતી અરજી મારી કચેરીમાં કરવામાં આવે તો મારા અધિકાર ક્ષેત્રમાં ન હોય તો સદર અરજી પરત નહી કરતા અધિકારીને ફોરવર્ડ કરવી પડે. એ વાત ખરી છે કે, આજદિન સુધીન અમારી કચેરીનાં તમામ દસ્તાવેજો ઉપલબ્ધ છે. સાહેદ જણાવે છે કે તપાસના કાગળો મળી આવેલ નથી. એ હું કહી શકું નહી કે આ કેસને લગતા તપાસને લગતા કાગળો સિવાય તમામ કાગળો ઉપલબ્ધ છે. એ વાત ખરી નથી કે, મદદનીશ ચેરીટી કમિશ્નર નડીયાદની હાજરી પત્રક તથા ટેલીફોન રજીસ્ટર જાણી બુજીને નામદાર કોર્ટમાં રજુ કરેલા નથી. એ વાત ખરી નથી કે, મારી કચેરીનાં કોઈ કર્મચારીની સંડોવણી છે કે કેમ તે બાબતે કોઈ તપાસ કરેલી નહી. એ વાત ખરી નથી કે આવી તપાસના કાગળો નામદાર કોર્ટમાં રજુ કરેલા નહી.

મુકેશભાઈ શાંતિલાલ પટેલનું સદરહું મીલ્કતમાં અંગત હીત હતું કે, કેમ તે હું કહી શકું નહી. એ વાત ખરી છે કે મુકેશ શાંતિલાલ પટેલનાઓએ ચેરીટી કમિશ્નર નડીયાદ તથા વડોદરાનાઓને ઉદેશીને ટ્રસ્ટની માલીકીની મીલ્કતમાં પોતાના હકકને નુકશાન થયેલાની નોટીસ અસલ (પત્ર) આ કામે રજુ કરેલ નથી. એ વાતની મને ખબર નથી કે મુકેશ શાંતિલાલ પટેલે આવી કોઈ અરજી કરેલ ન હતી જેથી અસલ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, ભટ્ટ નાથાભાઈ આદિતરામ ટ્રસ્ટની મીલ્કત સંદર્ભે પરવાનગી પત્રનાં ટુ કોપી ચીફ ઓફીસર ધ્વારા કરવામાં આવેલ તે સંદર્ભે ચીફ ઓફીસરનું કોઈ મેં નિવેદન લીધેલ નથી. હું વર્ષ ૧૯૭૫ થી ૨૦૦૯ સુધી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે હું દરેક અધિકારીની સહીઓ ઓળખું તેવું બને નહીં. એ વાત ખરી છે કે માત્ર સાથે કામ કરેલ હોય તેની સહીઓ ઓળખું.એ વાત ખરી નથી કે સંયુકત ચેરીટી કમિશ્નર એ.એમ. ઉપાધ્યાયનાઓએ વધુ તપાસના કોઈ આદેશ કરેલા નહી જેથી આ બાબતના કોઈ અસલ પત્ર રજુ કરેલા નથી. એ વાત ખરી નથી કે, ઈનચાર્જ ચેરીટી કમિશ્નર અમદાવાદ ધ્વારા શ્રીમતિ વાય.એસ. હાલાણીને કોઈ પ્રાથમિક તપાસ કરી અહેવાલ સોંપવા અંગેનો હુકમ કરેલ નહી જેથી અસલ આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, મદદનીશ ચેરીટી કમિશ્નર વિભાબેન દવેનાઓ મુખ્ય ચેરીટી કમિશ્નર ગુજરાત રાજય અમદાવાદને સંબોધીને તપાસ ૧૬૬/૨૦૦૦ અંતર્ગત લખાયેલ રીપોર્ટનાં અસલ કાગળો આ કામે રજુ કરેલ નથી. સાહેદ જણવે છે કે અસલ કાગળો મળી ન આવતા રજુ રાખી શકેલ નથી અને જેની નકલો રજુ રાખેલ છે. એ વાત ખરી નથી કે, અમારી કચેરીના અધીકારી કે કર્મચારીના બદલી રીટાયર્ડ કે મૃત્યુ થવાથી કચેરીનાં રેકર્ડ વ્યવસ્થાપનને કોઈ લેવા દેવા નથી. એ વાત ખરી છે કે અધિકારી– કર્મચારીઓનું ટેબલ બદલાય તો પણ ફાઈલો નિયમ મુજબ સાચવવામાં આવે છે. એ વાત ખરી છે કે ટ્રસ્ટની મીલ્કત હોય તો વેલ્યુએશન રીપોર્ટ તથા જંત્રી બંને માંથી જેની કિંમત વધારે હોય તે મુજબનો દસ્તાવેજ થાય તે યોગ્ય ગણાય. એ હું કહી શકું નહી કે હાલના કામે વેલ્યુએશન રીપોર્ટની કિંમત વધારે હતી કે કેમ. એ વાતની મને ખબર નથી કે આજદિન સુધી ચેરીટી

કમિશ્નરે દસ્તવેજો કરવા માટે કોઈ પ્રોસીડીંગ્સ કરેલ છે કે કેમ. એ વાત ખરી છે કે દસ્તાવેજનાં નણા ટ્રસ્ટના ખાતામા એફ.ડી. થયેલા, એ વાત ખરી છે કે પરવાનગી પત્ર બાબતે આરોપી નં. ૧ સિવાય નં. ૩ તથા નં. ૬ મને મળવા આવ્યા હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે ૧૯૭૫ થી ૨૦૦૯ સુધીમાં કોઈ કુદરતી કે કૃત્રીમ હોનારાત થય હોય અને ચેરીટીની કોઈ કચેરીમાં દસ્તાવેજોનો કોઈ નાશ થયેલ હોય તેવું બનેલ નથી. વધુમાં તેમને સવાલ કરવામાં આવેલ કે, પરવાનગી પત્ર બાબતે ગુનો બને છે કે કેમ તે અસલ કાગળો વિના કહી શકાય નહી ? તેના જવાબમાં તે જણાવે છે કે, અસલ કાગળો વગર પ્રથમ દર્શનીય રીતે કહી શકય. એ વાત ખરી નથી કે, નામદાર કોર્ટમાં જણીબુજીને અસલ રેકર્ડ રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે અમારા નિયમો મુજબ તમામ દસ્તાવેજો, કાગળો, અસીમીત સમય સુધિં સાચવી રાખવાના હોવ છતા નામ. કોર્ટમાં મળી આવતા ન હોવાનો ખોટો રીપોર્ટ કરી ઝેરોક્ષો વાળ દસ્તવેજો રેકર્ડ ઉપર લાવેલ છે. એ વાત ખરી નથી કે પરવાનગી પત્ર બાબતે ખાતાન કોઈ કર્મચારી કે અધિકારીની સંડોવણી છે કે કેમ તે બાબતે કોઈ તપાસ કર્યા સિવાય હાલની ફરીયાદમાં માત્ર ટ્રસ્ટીઓ સામે ખોટી હકીકતોથી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી નં. ૩ તથા ૬ નાઓનો કોઈ પ્રત્યેક્ષ કે પરોક્ષ રોલ ન હોવા છતાં પી.ટી.આર.ની નકલના આધારે ખોટી રીતે તમામ ટ્રસ્ટીઓને સંડોવી દીધેલ છે. એ વાત ખરી નથી કે, અસલ રેકર્ડ મેળવવા પુરતા પ્રયત્નો નહી કરી ચેરીટી કમિશ્નરનો દસ્તાવેજ ન મળતા હોવાનો રીપોર્ટ કરેલ છે. એ વાત ખરી નથી કે, જો અસલ રેકર્ડ નામ. કોર્ટમાં રજુ થયેલ હોત તો આરોપીઓ સામે કોઈ ગુનો ફલીત ન થાત તેથી જાણીબુજીને અસલ દસ્તાવેજો રેકર્ડ ઉપર લાવેલ નથી. એ વાત ખરી નથી કે, જે ઝેરોક્ષ વાળા દસ્તાવેજો નામ. કોર્ટમાં રજુ કરેલ છે તે તમામ કયારેય અસ્તિત્વમાં જ ન હતા જેથી અસલ રજુ કરેલા નથી. એ વાત ખરી નથી કે હું સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

<u>(૯)</u> આ કામે ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવતા ફરીયાદપક્ષે સાહેદ મુકેશભાઈ શાંતિલાલ પટેલનું આંક-૧૦૮ થી સોગંદ ઉપર એવુ કથન છે કે, તેઓ ત્રણ ભાઈ તથા બે બહેન છે. તેમની પાસે ખેતીની

સંયુકત જમીન ૨૦ વિઘા જેટલી છે. ઉમરેઠમાં આવેલ નાથાલાલ આદિતરામ ટ્રસ્ટની ૩ ઓરડીઓ તેમના દાદાએ જે તે સમયે ભાડે રાખેલી. ઉમરેઠ રે.સ.નં. કયો હતો તે તેમને ચોકકસ હાલ યાદ નથી. પરંતુ ૭૦૦ ની આજુ બાજુનો હતો. સદર ટ્રસ્ટની બીજી ઓરડીઓ બીજા વ્યકિતઓ પાસે ભાડે હતી. આ ટ્રસ્ટ પાસે ખુલ્લી જમીન તથા કુવો પણ હતો. આ ભાડે રાખેલ એક ઓરડીનું ભાડુ ચોકકસ કેટલુ હતું તે હાલમાં તેમને યાદ નથી. આ મીલ્કતનાં ટ્રસ્ટી કોણ હતા તેની તેમને ખબર નથી અને આ ઓરડીઓનું ભાડુ કોઈ લેવા આવતું ન હતું. આશરે ૨૫-૨૬ વર્ષ પહેલા આશાભાઈ સોમાભાઈ પટેલનાઓ તેમની પાસે આવેલ અને કહેલ કે, આ ટ્રસ્ટની જમીન તેઓએ વેચાણ રાખેલી છે. જેથી તમો ખાલી કરી નાખો. જેથી તેઓએ તેઓને એવું કહેલ કે, આ મીલ્કત ટ્રસ્ટને પાછી આપવાની છે અને તેઓએ સદર મીલ્કતની ૭/૧૨ ની નકલ બતાવેલી. તેમણે તેઓને એવું જણાવેલ કે, તમો ટ્રસ્ટીઓને બોલાવી લાવો તો આ મીલ્કત તેઓને સુપ્રત કરૂં જેથી તેઓ સદર ટ્રસ્ટમાંના એક ટ્રસ્ટી ભાનુભાઈ ભટ્ટનાઓને લઈને આવેલા. ભાનુભાઈ ભટ્ટનાઓને જણાવેલ કે, આ મીલ્કત તઓએ વેચી દીધેલ છે અને તેઓની પાસે ભાડે રાખેલી મીલ્કત તમોને પરત સોંપી દઈએ તે બદલ તેમને ટ્રસ્ટના લેટર પેડ ઉપર લખાણ કરી આપો અને બાકી નીકળતુ ભાડું તમોને ચુકવી આપું. જેથી ભાનુભાઈએ તેમને જણાવેલ કે, સદર મીલ્કત વેંચી દીધેલ છે તેથી આવું લખાણ આપી શકાય નહીં. ત્યારબાદ તેઓએ કાયદાના જાણકાર પાસેથી સલાહ સુચન મેળવેલ અને એવું જાણવા મળેલ કે, આની પરમીશન આવ્યા વગર વેચાણ થાય નહી અને ટ્રસ્ટની મીલ્કતનાં વેચાણ અંગેની પરમીશન વખતે દરેક ભાડુઆતને ત્યાં હાજર રાખતા હોય છે અને સલાહ સુચન મુજબ નડીયાદ ચેરીટી કમિશ્નરશ્રીની કચેરીમાં સદર મીલ્કત અંગે પરમીશન આપેલ છે કે, કેમ તે બાબત અંગે અરજી કરેલી અને તેની કચેરી ધ્વારા મૌખિક રીતે એવું જણાવવામાં આવેલ કે, સદર મીલ્કતનાં વેચાણ અંગે તેઓએ કોઈ પરમીશન આપેલ નથી. સદર બાબતે અમદાવાદ ચેરીટી કમિશ્નર કચેરીએ એક વખત આ બોલાવવામાં આવેલો. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તેમજ આશાભાઈ સોમાભાઈ પટેલનાઓની વિરુધ્ધમાં કોઈ કાર્યવાહી થયેલ

હોય અને પોલીસે તે અંગે જવાબ લેવા માટે બોલાવેલ હોય તેવું બનેલ નથી. તેમને આંક–૮૦ નું પેઈજ નંબર–૧ બતાવવામાં આવે છે તે જોયને કહે છે કે, તે ચેરીટી કમિશ્નર સાહેબ મુકામ વડોદરાનાઓને સદર ટ્રસ્ટની જમીન અંગેની પરમીશન આપવામાં આવેલી છે કે, કેમ તેની તપાસ કરી જાણ કરવા અંગેની અરજી છે. તેમાં તેમની સહી છે. જે ઓળખે છે અને તેમને આંક–૮૦ ના પેઈજ નંબર–૨, ૩, ૪ અને ૫ બતાવવામાં આવે છે જે અરજી સાથે બીડાણમાં મોકલેલ દસ્તાવેજો છે, જે ઓળખે છે. નડિયાદ ચેરીટી કમિશ્નર કચેરી થી તેમની પાસે કોઇ લેખિત પત્ર આવેલ હોય તેવુ બનેલ નથી.

સદર સાહેદની આરોપી નં.૩ અને ૬ તર્ફે ઉલટતપાસ લેતા તેમાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, ઓરડી અને ખેતરનો કબ્જો હાલમાં ટ્રસ્ટ પાસે છે. એ વાત ખરી છે કે, અમોએ બે વર્ષ પહેલા ઓરડી ટ્રસ્ટને સોંપી દીધેલ છે. એ વાત ખરી છે કે, અમોએ જે તે વખતે ટ્રસ્ટને ઓરડી સોંપી દેવાના શુભ હેતુથી અરજી કરેલી. એ વાત ખરી છે કે, આ અરજી કર્યા સિવાય અમોને તપાસ અર્થે કયાંય બોલાવેલા હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, આ અરજી સબંધીત કોઈ દસ્તાવેજી પુરાવો મેળવવા પોલીસ અધિકારી આવેલા હોય તેવું બનેલ નથી. મને એ વાતની ખબર નથી કે, ટ્રસ્ટની મીલ્કતનો તમામ વહીવટ આરોપી નં.૧ ભાનુભાઈ નાનુભાઈ ભટ્ટનાઓ કરતા હતા કે કેમ. એ વાત ખરી છે કે, પરવાનગી પત્ર બાબતે મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, મીલ્કત ખોટી રીતે વેચાઈ ગયેલ છે તેવો આજદિન સુધી અમોએ આક્ષેપ કરેલ નથી. એ વાત ખરી છે કે, ઓરડીઓમાં અમારૂ રહેલું હીત અમો ટ્રસ્ટની સોંપી દેવા માંગતા હતા જેથી અમારુ હિત જોખમાવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એ વાત ખરી નથી કે, અરજી કર્યાબાદ અમારે પોલીસ અધિકારીને કે ટ્રસ્ટના અધિકારીઓને મળવાનું થયેલ હોય તેવું બનેલ નહી.

<u>પુરાવાનું મૂલ્યાંકનઃ–</u>

<u>(૧૦)</u> ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંતો પ્રમાણે પ્રોસિકયુશન ને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસિકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની

તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઈ આવતુ હોય કે, આરોપીએ કહેવાતો ગુન્હો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઈ આવતુ હોય કે, આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરિયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં ફોજદારી ન્યાયશાસ્ત્રનો એવો પણ સ્થાપિત થયેલ સિધ્ધાંત છે કે, સો ગુનેગારો ભલે છટકી જાય પરંતુ કોઈ નિર્દોષ માર્યો જવો જોઈએ નહી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ***"કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ'' એ.આઈ.આર.૨૦૧૨ એસ.સી.૭૮૬*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

It is one of the fundamental principles of the criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused may have committed the offence and must have committed the offence which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh another Vs. State of M.P. *2004 10* ***SCC*** *699* ***and Ranjit Singh Brahmjit Singh Sharma Vs. State of Maharashtra*** *2005 5* ***SCC*** *294.* ***To the same effect is the decision of this court in Ganeshan Vs. Rama Raghuraman*** *2011 2* ***SCC*** *83* ***where this court***

observed "Every accused is presumed to be innocent unless his guilt is proved. The presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principles forms the basis of criminal jurisprudence in India."

<u>(૧૧)</u> ફરિયાદપક્ષે તેનો કેસ સબળ અને વિશ્વસનિય પુરાવાઓથી પુરવાર કરવાનો હોય છે, જયારે ફરિયાદપક્ષના કેસમાં વ્યાજબી શંકાથી ઉપસ્થિત થતી હોય, તો તેનો લાભ આરોપીને આપવાનો હોય છે, ફરિયાદપક્ષે જે મુજબ આરોપી વિરૂધ્ધ આક્ષેપો કરેલા હોય, તે અંગે નો પુરાવો પૂરો પાડવાની જવાબદારી ફરિયાદપક્ષની છે અને તે કેસનાં કોઈ પણ તબકકે ઓછી થતી નથી. ફોજદારી પ્રક્રિયાનો પ્રારંભ આરોપી નિર્દોષ છે. ફોજદારી કેસોમાં સામાન્ય વિવેકબુધ્ધિ ધરાવતા વાજબી માણસ પાસે કોઈ વાજબી શંકાની બહાર અપરાધ સાબિત થવો જોઈએ. આરોપી દોષિત છે કે, નહીં તેમાં કોઈ શંકા હોવી જોઈએ નહી. જો સહેજ પણ શંકા હોય તો, ભલે તે કેટલું નાનુ હોય, લાભ આરોપીને જશે. ભારતીય કાયદાકીય પ્રણાલીમાં બર્ડન ઓફ પ્રૂફ અને તેને કેવી રીતે છોડવામાં આવે છે તેની જોગવાઈ પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ના પ્રકરણ VII માં ભવ્ય રીતે મુકવામાં આવી છે. નિયમ એ છે કે, જે કોઈ પણ તથ્યનો આરોપ લગાવે છે કે તેણે તેને સાબિત કરવુ જોઈએ. ફોજદારી અજમાયશમાં તે ફરિયાદી છે જે આરોપ લગાવે છે કે, આરોપીએ જરૂરી પુરૂષો સાથે ગુનો કર્યો છે અને તેથી તે સાબિત કરવા માટે ફરિયાદી પર બોજ છે. ***અબ્દુલ્લા મોહમ્મદ વિ.રાજ્ય માં*** સર્વોચ્ચ અદાલતે બર્ડન અને જવાબદારી વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો કે સાબિતીનો બોજ તે વ્યકિત પર રહેલો છે જેણે હકીકત સાબિત કરવાની હોય છે અને તે કયારેય બદલાતી નથી, પરંતુ સાબિતીની જવાબદારી બદલાય છે. પુરાવાઓના મૂલ્યાંકનમાં ઓનુસનું આવા સ્થળાંતર સતત પ્રક્રિયા છે. આમ મૂળભૂત રીતે બોજ પ્રોસીકયુશન પર રહે છે પરંતુ એવા સમયે હોય છે જયારે આરોપીને સાબિત કરવા માટે કહેવામાં આવે છે કે, તેનો કેસ અપવાદ હેઠળ આવે છે. પછી આરોપી પર જવાબદારી છે અને જો આરોપી વ્યકિત તેની તરફેણમાં

સંભાવનાની પ્રાધાન્યતા સાબિત કરવામાં સફળ થાય અને તેને વાજબી શંકાથી આગળ પોતાનું વલણ સાબિત કરવાની જરૂર ન પડે તો તેને ડિસ્ચાર્જ માનવામાં આવે છે. ઉપરમાં જણાવેલ હકીકતો જુદી જુદી અદાલતોએ તેમના ચુકાદા ***ભિખારી વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય, AIR 1966 SC 1, કે.એમ.નાણાંવટી વિ.મહારાષ્ટ્ર રાજ્ય, AIR 1962 SC 60, રામેશ્વર વિ. એમ.પી. રાજ્ય 1993 ક્રિલોજે 1945 (એમ.પી.), નાગીરિડ શિવા વિ.એ.પી.રાજ્ય 1992 ક્રિલોજે 1339 (એમ.પી.),આસામ રાજ્ય વિ. મનોહરઅલી (1987) 1 ક્રિલોજે 748 (ગુહાટી), રાઘવમ્મા વિ. ચૈચમ્મા AIR 1964 SC 136 અને જયલાલ વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન AIR 1969 SC 15 માં જણાવેલ છે.***

<u>(૧૨)</u> સદર ગુનાના કામે ઈ.પી.કો કલમ ૪૬૫ મુજબનો ગુનો આરોપીએ કરેલા છે કે, કેમ તે નકકી કરતા પહેલા ઈ.પી.કો કલમ ૪૬૩ અને ૪૬૪ વંચાણે લેવી ખુબ જ જરૂરી જણાઈ આવે છે જે નીચે મુજબ છે:–

<u>કલમ ૪૬૩: ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો:–</u>

જે કોઈ વ્યક્તિ લોકોને અથવા કોઈ વ્યક્તિને નુકસાન કરવાના અથવા હાનિ પહોંચાડવાના અથવા કોઈ દાવા કે હક્કનુ સમર્થન કરવાના અથવા કોઈ વ્યક્તિ કઈ મિક્ક્ત આપી દે તેવુ કરવાના અથવા તેની પાસે કોઈ સ્પષ્ટ કે ગર્ભિત કરાર કરાવવાના ઈરાદાથી અથવા કપટ કરવામાં આવે તેવા ઈરાદાથી કોઈ ખોટો દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ અથવા દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડનો કોઈ ભાગ બનાવે તે ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કરે છે.

<u>કલમ ૪૬૪: ખોટો દસ્તાવેજ બનાવવો:–</u>

જે કોઈ વ્યક્તિ,

પહેલું : કોઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજનો કોઈ ભાગ જે વ્યક્તિએ અથવા જે વ્યક્તિના અધિકારથી બનાવ્યો નથી, તેના ઉપર સહી કરી નથી અથવા ઈલેક્ટ્રોનિક સહી કરી નથી તેના ઉપર સિક્કો કર્યો નથી કે તે કરી આપ્યો નથી એવુ પોતે જાણતી હોય તે વ્યક્તિએ અથવા તે વ્યક્તિના અધિકારથી તે બનાવ્યો છે, તેના ઉપર સહી કરી છે. તેના ઉપર સિક્કો કર્યો છે કે તે કરી

આપ્યો છે એમ મનાવવાના ઈરાદાથી અથવા જે સમયે થયો નથી, તેમાં સહી થઈ નથી, તે ઉપર સિક્કો થયો નથી, કે તે કરી આપવામાં આવ્યો નથી, તે સમયે તે થયો છે, તેમાં સહી થઈ છે, તે ઉપર સિક્કો કર્યો છે કે તે કરી આપવામાં આવ્યો છે એમ મનાવવાના ઈરાદાથી બદદાનતથી અથવા કપટપુર્વક

(એ) તે દસ્તાવેજ કે દસ્તાવેજનો કોઈ ભાગ બનાવે, તેમાં સહી કરે, તેના ઉપર સિક્કો કરે કે તે કરી આપે,

(બી) કોઈપણ ઈલેક્ટ્રોનિક રેકર્ડ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડનો કોઈપણ ભાગ બનાવે અથવા મોકલે

(સી) કોઈપણ ઈલેક્ટ્રોનિક રેકર્ડ પર કોઈપણ ઈલેક્ટ્રોનિક સહી લગાડે

(ડી) દસ્તાવેજ કરી આપવાની અથવા ઈલેક્ટ્રોનિક સહીની અધિકુતિ દર્શાવતી કોઈ નિશાની કરે અથવા

બીજુ: જે કોઈ વ્યક્તિ પોતે, અથવા બીજી કોઈપણ વ્યક્તિએ, કોઈ દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ બનાવ્યા પછી, તે કરી આપ્યા પછી, અથવા ઈલેક્ટ્રોનિક સહી લગાડયા પછી, કાયદેસરના અધિકાર વિના, બદદાનતથી અથવા કપટપુર્વક તે રદ કરીને અથવા બીજી રીતે તે દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડના મહત્વના ભાગમાં ફેરફાર કરે, પછી ભલેને આમ ફેરફાર કરતી વખતે હયાત હોય કે ન હોય, અથવા

ત્રીજુ: કોઈ વ્યક્તિના મગજની અસ્થિરતાના કારણે અથવા નશાના કારણે દસ્તાવેજનો અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડનો શું મજકુર છે અથવા તેમાં કેવા પ્રકારનો ફેરફાર થયો છે તે જાણી શકે તેમ નથી અથવા તે વ્યક્તિની સાથે છેતરપિંડી થઈ હોવાને કારણે જાણતી નથી એમ જાણવા છતા, બદદાનતથી અથવા કપટપુર્વક આવી વ્યક્તિ તે દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ પર તેની પાસે ઈલેક્ટ્રોનિક સહી કરાવે, સિક્કો કરાવે,

તે દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ કરાવી લે અથવા તેમાં ફેરફાર કરાવે તેણે ખોટો દસ્તાવેજ બનાવ્યો છે એમ કહેવાય.

(૧૩) ઉપરોકત કલમ મુજબ જયારે કોઈપણ વ્યક્તિ કોઈ અન્ય વ્યક્તિને નુકસાન કરવાના અથવા હાની પહોંચાડવાના અથવા કોઈ દાવા કે હકકનો

સમર્થન કરવાના અથવા કોઈ વ્યક્તિને કઈ મિલકત આપી દે એવુ કરવાના ઈરાદાથી અથવા કપટ કરવામાં આવે તેવા ઈરાદાથી કોઈ ખોટો દસ્તાવેજ બનાવે તો તે વ્યક્તિએ ખોટો દસ્તાવેજ બનાવવાનો ગુનો કરેલ છે તેમ કહી શકાય. આ કામના આરોપી નંબર-૧,૩,૪,૫,૬નાઓએ નાથાભાઈ આદીરામ ટ્રસ્ટની મિલકતની જમીન ઉમરેઠ ગામના સર્વે નંબર-૪૧૩ તથા ૪૧૪ના ખરાબાની જમીન તથા હોલાણ તથા ઓરડી વગેરે જમીન આ કામના આરોપીઓએ એકસંપ કરી ચેરિટી કમિશ્નર નડિયાદ કચેરીના સિક્કા કોઈ પણ રીતે કરાવડાવી અને તેમાં ચેરીટી કમિશ્નરની ખોટી સહીઓ કરી ટ્રસ્ટની મિલકત વેચવા માટે ખોટુ મંજૂરીપત્ર બનાવી અને જાણતા હોવા છતાં તેનો ખરા તરીકે ઉપયોગ કરી, તેમજ તહોમતદાર નંબર-૨નાએ સદરહુ જમીન વેચાતી આપી દઈ, આરોપી નંબર-૧,૩,૪,૫,૬ નાઓએ આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ હોવા છતાં, ટ્રસ્ટની મિલકત આરોપી નંબર-૨નાઓને જાણી જોઈને તેમને મદદ કરીને વેચી દઈને, તે મિલકત ખરીદી લઈ સદરહુ વેચાણ કરેલ જમીનનો વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર બનાવી, મંજૂરીપત્ર તથા ખોટા સિક્કા બનાવી અને ખોટી સહીઓ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ-૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૪૦૮, ૧૧૪ મુજબનું ગુનો કરેલાનો આક્ષેપ છે.

હાલના કામે ચાલુ કેસ દરમિયાન આરોપી નંબર-૧,૨,૪,૫ નાઓ મરણ જતા તેઓનો કેસ એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી નંબર-૩ અને ૬નાઓ વયોવૃદ્ધ ઉંમરના હોય, તેથી તેઓને કેસ ચાલવા દરમિયાન હાજરી માંથી કાયમી મુક્તિ આપવામાં આવેલ હતી. આમ, હાલના કામે આરોપી નંબર-૩ અને ૬નાઓ વિરુદ્ધ પડેલ પુરાવાની ચર્ચા કરવામાં આવશે. હવે હાલના કામે રજૂ મૌખિક પુરાવો વંચાણે લેવામાં આવે તો હાલના કામે આંક-૬૯ થી સાહેદ અંબાલાલ મોહનભાઇ પટેલનાઓની જુબાની થયેલ છે. તેમાં તેઓ નાથારામ આદિતરામ ટ્રસ્ટ કયા સર્વે નંબરની મિલકત ધરાવતા હતા તથા તેના ટ્રસ્ટીઓ કોણ હતા અને તે સર્વે નંબર ઉપર શું આવેલું હતું, તે હકીકત જણાવી શકેલ નથી. તેઓને ટ્રસ્ટની મિલકતનો વહીવટકર્તા તરીકે કોઈ બાનાખત, વેચાણખત કરવામાં આવેલ કે, કેમ તેની પણ જાણ નથી તથા મુકેશભાઈનાઓએ શા બાબતની અરજી કરેલી તેની

પણ તેને જાણ નથી અને તેઓની પોલીસે કોઈ પૂછપરછ કરેલ નથી, તેવું જણાવેલ છે. સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા ન હોય, તેથી વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી, તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ. તેઓની ઉલટતપાસમાં તેઓએ તમામ હકીકત નકારી કાઢેલ છે, પરંતુ તેઓ આંક-૭૦ થી ૭૨ સુધીના દસ્તાવેજમાં માત્ર તેઓની સહિ ઓળખી બતાવેલ હોય, તેથી તે દસ્તાવેજને રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે, પરંતુ તેઓ સદર દસ્તાવેજ બાબતે કોઈ જાત માહિતી ધરાવતા ન હોય તથા તેઓએ સબરજીસ્ટારની કચેરીએ ગયેલ હોય કે, કોઈ સહીનું મત્તું કરેલ હોય, તેવી પણ તેમને ખબર ન હોય, તે સંજોગોમાં તેઓ દ્વારા રજૂ દસ્તાવેજો, તેઓનો મૌખિક પુરાવો ફરિયાદપક્ષના કેસને સમર્થનકર્તા નથી. વધુમાં હાલના કામે આંક-૧૦૮ થી સાહેદ મુકેશભાઇ શાંતિલાલ પટેલનાઓનો મૌખિક પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓને નાથાભાઈ આદિરામ ટ્રસ્ટની ત્રણ ઓરડી ભાડે રાખેલ હતી અને ટ્રસ્ટ પાસે ખુલ્લી જમીન તથા કુવો હતો અને આશરે ૨૫-૨૬ વર્ષ પહેલા, હાલના કામના આરોપી નંબર-૨ તેની પાસે આવેલ અને તેઓને કહેલ કે, આ ટ્રસ્ટની જમીન તેઓએ વેચાણ રાખેલ છે, તેથી ખાલી કરી નાખો, તેથી તેઓએ કહેલ કે, તેઓને આ મિલકત ટ્રસ્ટને પાછી આપવાની છે અને તેમાં ટ્રસ્ટીઓને બોલાવાનું કહેતા, સદર ટ્રસ્ટીઓમાંના એક ટ્રસ્ટી ભાનુભાઇ નાનુભાઈ ભટ્ટ એટલે કે, આરોપી નંબર-૧ સાહેદ પાસે આવેલ અને સાહેદને જણાવેલ કે, તેઓએ મિલકત લઈ લીધેલ છે અને ખાલી કરવાનું જણાવેલ. ત્યારબાદ સાહેદે કાયદાના જાણકાર પાસેથી જાણેલ કે, પરમિશન આપ્યા વગર ટ્રસ્ટ અંગેની મિલકત વેચાણ થઈ શકે નહિ. તેથી તેઓએ તે બાબતે નડિયાદના ચેરિટી કમિશ્નરશ્રીની કચેરીમાં પરમિશન આપેલ છે કે, કેમ તે બાબતની અરજી કરેલ અને તેઓને જાણવા મળેલ કે, કોઈ પરમિશન આપેલ નથી અને તે બાબતે તેઓને અમદાવાદ ચેરિટી કમિશ્નરની કચેરીએ બોલાવવામાં આવેલ અને પોલીસે તેઓનો કોઈ જવાબ કે, નિવેદન માટે બોલાવેલ હોય, તેવું બનેલ નથી. વધુમાં તેઓ આંક-૮૦ થી રજુ દસ્તાવેજમાં તેઓની સહિ ઓળખી બતાવે છે. સદર સાહેદ ફરિયાદપક્ષના

કેસને સમર્થન કરતા ન હોય, તેથી તેઓને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી, ફરિયાદપક્ષ તેઓની ઉલટતપાસ લેવામાં આવેલ, તેમાં તેઓ તમામ હકીકત નકારી કાઢેલ હોય, તેથી ફરિયાદપક્ષ તેઓ પાસેથી કોઈ મહત્વની હકીકત કઢાવી શકેલ નથી. સદર સાહેદની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો આક્ષેપિત જમીનમાં આવેલ ઓરડીનો કબજો હાલમાં ટ્રસ્ટ પાસે હોવાનું જણાય આવે છે અને તેઓએ પણ બે વર્ષ પહેલા ઓરડીઓ ટ્રસ્ટને સોંપી દીધેલ છે. વધુમાં તેઓએ ચેરિટી કમિશ્નરશ્રીમાં કરેલ અરજીના કારણ સિવાય અન્ય કોઈ જગ્યાએ બોલાવેલ હોય, તેવું બનેલ નથી તથા પોલીસે તેઓને તે સંબંધે કોઈ પુરાવો લઈને હાજર થવા જણાવેલ હોય, તેવું પણ બનેલ નથી. વધુમાં તેઓને હાલના કામે આક્ષેપ મુજબ મિલકત ખોટી રીતે વેચાઈ ગયેલ હોય અને ખોટી રીતે પરવાનગી લીધેલાની કોઈ જાત માહિતી નથી. આમ, ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતા સદર સાહેદ અરજી કરેલાની હકીકતને ફરિયાદ મુજબનું સમર્થન કરેલ છે, પરંતુ આ કામના તપાસ કરનાર અધિકારી દ્વારા સદર સાહેદનું નિવેદન લીધેલાની હકીકતને સમર્થન મળતું નથી. વધુમાં સદર સાહેદની અરજીથી જો તપાસ શરૂ થયેલ હોય, તો તપાસ કરનાર અધિકારીએ સાહેદ પાસેથી દસ્તાવેજી પુરાવા કબજે કરવા પણ જરૂરી અને આવશ્યક છે. પરંતુ હાલના કામે તપાસ કરનાર અધિકારીએ સાહેદ પાસેથી આવો કોઈ પુરાવો કબજે કરેલ નથી. જે સંજોગોમાં સદર સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતા નથી. વધુમાં હાલના કામે આંક–૭૩ થી જગદીશચંદ્ર રાવજીભાઈ પટેલનાઓને મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેમાં ફરિયાદપક્ષે હાલના કામે રજૂ આંક–૭૪ થી ૧૦૨ સુધીના વિવિધ દસ્તાવેજોમાં સહીને ઓળખી બતાવી રેકર્ડ ઉપર લાવેલ છે. સદર સાહેદની જુબાનીનું મૂલ્યાંકન કરવામાં આવે તો, સદર સાહેદ નડિયાદ ખાતે ૧૯૯૭ થી ૨૦૦૨ સુધી નિરીક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને તેઓએ હાલના કેસમાં મુકેશભાઈ દ્વારા કરવામાં આવેલ અરજી સંબંધે તેઓને તપાસ સોંપવામાં આવેલ હતી, જે સંબંધે તેઓએ ખાતાકીય રીતે તપાસ કરી તેનો અહેવાલ તેમની કચેરીમાં સોંપેલ હતો. વધુમાં સદર સાહેદની જુબાની દરમિયાન આંક–૭૪ થી રજૂ કચેરી આદેશ, આંક–૭૫ થી રજૂ ઠરાવની નકલ અને

આંક–૭૬ થી રજૂ વેચાણ પરવાનગી પત્ર ઓળખી બતાવેલ છે, જે તમામ દસ્તાવેજોમાં તેઓની સહી નથી, પરંતુ તે અંગે ફરિયાદ દાખલ થયેલ હતી તથા તેઓએ તપાસ કરેલ હોય, તે માત્રથી તેઓ સદર દસ્તાવેજ અને અન્ય દસ્તાવેજો ઓળખી બતાવેલ છે. વધુમાં આંક–૭૪ થી ૧૦૨ સુધીના તમામ દસ્તાવેજો ઝેરોક્ષ નકલો છે અને અસલ દસ્તાવેજ ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ નથી. હાલના કામે આંક–૬૦થી વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા અસલ દસ્તાવેજ મળી આવેલ નથી તથા મળી આવવાની શકયતા પણ નથી, તે અંગેનો ઉમરેઠ પોલીસ સ્ટેશનના રિપોર્ટ સાથે હકીકત પુરસીસથી જાહેર કરેલ છે. વધુમાં હાલના કામે અસલ કાગળ મળી ન આવતા વિદ્વાન એ.પી.પી.શ્રી દ્વારા આંક–૬૧ થી સી.આર.પી.સી.ની કલમ–૯૧ મુજબની અરજી રજૂ કરવામાં આવેલ, જે અત્રેની અદાલત દ્વારા મંજૂર કરતા અધિકારીશ્રી ચેરીટી કમિશનરશ્રીની કચેરી, અમદાવાદનાઓ હાજર થઈ આંક–૬૮ થી તેઓને અસલ રેકર્ડ મળી આવેલ નથી, તેવી હકીકત પત્ર સાથે જાહેર કરેલ છે. આમ, દસ્તાવેજી પુરાવાના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા અસલ દસ્તાવેજ કે, પોલીસ ટીપ્પણ પણ રેકર્ડ ઉપર ન આવેલ હોય, તે હકીકત ગંભીર બાબત છે અને તે દસ્તાવેજની ગેરહાજરીમાં માત્ર દસ્તાવેજી પુરાવાની ઝેરોક્ષના આધારે પુરાવાનું મૂલ્યાંકન કરવું, તે યોગ્ય નથી અને ઝેરોક્ષ પુરવાર કરવા માટે કાયદામાં અલગથી જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, અત્રે એ હકીકત નિર્વિવાદિત છે કે, ફરિયાદપક્ષ દ્વારા હાલના કામે તપાસને લગતા કોઈપણ પોલીસપેપર્સ કે, અસલ દસ્તાવેજ રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આંક–૭૩ થી જે દસ્તાવેજો રજૂ થયેલ છે, તે તમામ ઝેરોક્ષ નકલો છે અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ અનુસાર જયારે કોઈ અસલ દસ્તાવેજ મળી આવતા ન હોય કે, તે મળી આવવાની સંભાવના ન હોય, તે સબબનું કોઇ વ્યાજબી કારણ રજૂ થાય, ત્યારે અને ત્યારે જ ઝેરોક્ષ નકલને પુરાવામાં વંચાણે લઈ શકાય છે, પરંતુ હાલના કામે ફરિયાદપક્ષ દ્વારા અસલ દસ્તાવેજ મળી આવવા બાબતેનું કોઈ ચોક્કસ કારણ રેકર્ડ ઉપર રજૂ થયેલ નથી અને ફરિયાદપક્ષ દ્વારા અસલ દસ્તાવેજોની ગેરહાજરીમાં ઝેરોક્ષ નકલોને ગૌણ પુરાવા તરીકે માનવો તેવી પણ કોઇ અરજી દાખલ કરેલ નથી. તે

સંજોગોમાં હાલના કામે આંક–૭૪ થી આંક–૧૦૨ સુધીના રજૂ દસ્તાવેજી પુરાવાને વંચાણે લઇ પુરાવાનું મૂલ્યાંકન કરવું વ્યાજબી અને ન્યાયી જણાય આવતું નથી. વધુમાં આંક–૭૩ થી જગદીશચંદ્ર રાવજીભાઇ પટેલની ઉલટતપાસમાં એ હકીકત જણાઈ આવે છે કે, આરોપી નંબર–૩ અને ૬નાઓએ કોઈ અંગત વપરાશ માટે નાણા લીધેલ હોય, તેવું બનેલ નથી તથા જો તે સમયે ટ્રસ્ટએ હોદ્દા ઉપર થી દૂર કરવાની કોઈ કામગીરી થઈ છે કે, કેમ તે પણ તેઓની જાણમાં નથી. વધુમાં તેઓ જણાવે છે કેસ આજ દિન સુધીના તેઓની કચેરીના તમામ દસ્તાવેજો ઉપલબ્ધ છે. પરંતુ હાલના કામનું રેકર્ડ ઉપલબ્ધ નથી અને તે બાબતે તેઓએ અથવા તેઓની કચેરીએ કોઈ પગલા લીધેલ હોય, તેવું પણ જણાય આવતું નથી તથા ૧૯૭૫ થી ૨૦૦૯ સુધીની કુત્રીમ કે, કુદરતી હોનારત થયેલ હોય અને તેમાં ચેરિટી કમિશ્નરશ્રી ની કચેરીના દસ્તાવેજનો નાશ થયેલ હોય, તેવું પણ બનેલ નથી. તેથી અસલ દસ્તાવેજ ન મળી આવવાનું કોઈ ચોક્કસ કારણ ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ ઉપર આવેલ નથી તથા દસ્તાવેજ અંગેના આરોપીએ નાણાં ઓળવી જઈને તેનો લાભ લીધેલ હોય, તે હકીકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં હાલના કામે ફરિયાદપક્ષ દ્વારા ખોટા સિક્કા, સહી અને તેનો અસલ સિક્કાની છાપ બનાવટી સિક્કાની છાપને એફ.એસ.એલ. ખાતે તપાસણી અર્થે મોકલેલ હોય, તેવું જણાય આવતું નથી તથા આરોપી દ્વારા બનાવટી દસ્તાવેજમાં કરવામાં આવેલ સહી અને અસલ સહીના નમુના સરખાવતા એફ.એસ.એલ. કચેરીનો અભિપ્રાય લીધેલ હોય, તેવું પણ બનેલ નથી. વધુમાં હાલના કામે ફરિયાદપક્ષ દ્વારા તેઓની કચેરીના અસલ સિક્કા જે બનાવટી હોય, તેવો પણ કોઈ મૌખિક પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, તેથી તે તમામ પુરાવાની ગેરહાજરીમાં આરોપીએ બોગસ અને સિક્કા કરેલ હોવાની હકીકતને પણ સમર્થન મળતું નથી. તેથી તેવા સંજોગોમાં તેનો લાભ આરોપીપક્ષને મળે છે.

(૧૪) વધુમાં ઉપરોક્ત ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૩, ૪૬૫, ૪૬૮ની ચર્ચા કર્યા અનુસાર આરોપીએ ઇન્ડિયન પીનલ કોડ ની કલમ–

૪૬૮ મુજબનો ગુનો કરેલ છે કે, કેમ તે ધ્યાને લેતા તે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૧૫ ધ્યાને લેવી ખૂબ જ જરૂરી છે. તે નીચે મુજબ છે.

<u>કલમ ૪૧૫ –ઠગાઈ:–</u> જે કોઈ વ્યક્તિ, બીજા કોઇ વ્યક્તીને છેતરીને, તેને કોઇને કંઈ મિલ્કત આપી દેવા અથવા કંઈ મિલ્કત કોઈ રહેવા દેવાની સંમતિ આપવા કપટપુર્વક અથવા બદદાનતથી લલચાવે અથવા તે છેતરાઈ ન હોત અને જે ન કરત તે કરવા અથવા જેકરત તે ન કરવા ઈરાદાપુર્વક લલચાવે અને જો એવા કુત્ય અને કાર્યરૂપથી તે બા વ્યક્તિના શરીર, મન,પ્રતિષ્ઠા કે મિલ્કતને નુકસાન કે હાનિ થાય અથવા થવાનો સંભવ હોય તો તેણે ઠગાઇ કરી કહેવાય.

આમ, હાલના ગુનાના કામે આરોપીએ બોગસ સિક્કા અને બનાવટી સહી વડે દસ્તાવેજ બનાવી લીધેલાનો આક્ષેપ છે, પરંતુ સદર દસ્તાવેજ ઠગાઈ કરવાના હેતુથી બનાવેલ કે, કેમ તે હકીકત નક્કી કરવા માટે હાલના કામે રજૂ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો હાલના કામના આરોપી નંબર–૩ અને ૬નાઓએ કોઈ જ પ્રકારનો મુખ્ય રોલ ફરિયાદપક્ષના મૌખિક પુરાવા ઉપરથી જણાય આવતો નથી. વધુમાં ફરિયાદમાં જણાવેલ જમીન ઉપર આવેલ ઓરડીઓનો કબજો હાલમાં પણ ટ્રસ્ટીઓ પાસે હોય તથા બે વર્ષ પહેલા સાહેદ મુકેશભાઈએ સોંપી આપેલ હોય, તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવે છે. તેથી તે સંજોગોમાં આરોપીઓએ બોગસ દસ્તાવેજનો ઉપયોગ કરી, ખોટી રીતે લાભ મેળવેલ હોય, તેવી પણ કોઈ હકીકત સાહેદોના મૌખિક પુરાવાથી રેકર્ડ ઉપર આવતી નથી. તેથી તે સંજોગોમાં આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૭ અને ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોય, તેવી હકીકત માનવાની રહેતી નથી. વધુમાં આરોપી નંબર–૩ અને ૬નાઓએ હાલના ગુનાનો કોઈ પ્રત્યક્ષ કે, પરોક્ષ ભાગ ભજવેલ હોય કે, આરોપી નંબર–૨નાઓને કોઈ મદદગારી કરેલ હોય, તેવું પણ કોઈ મૌખિક કે, દસ્તાવેજી પુરાવાથી જણાય આવતું નથી. તેથી આરોપી નંબર–૩ અને ૬નાઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૫, ૪૬૮ સાથે ૧૧૪ વાંચતા આરોપીઓ પુરાવાના અભાવે નિર્દોષ ઠરે છે.

<u>કલમ ૩૦– કિંમતી જામીનગીરી:–</u> કિંમતી જામીનગીરી એ શબ્દો દસ્તાવેજથી કોઇ કાયદેસર હક્ક ઉત્પન્નન થતો હોય, વિસ્તુત થતો હોય કે તે તબદીલ થતો હોય, મર્યાદીત થતો હોય, નષ્ટ થતો હોય કે તે કરવામા આવતો હોય અથવા જેનાથી કોઈ વ્યક્તિ પોતાની કાયદેસર જવાબદારી હોવાનુ કે પોતાના અમુક કાયદેસર હક્ક ન હોવાનુ સ્વીકારતીહોય એવા દસ્તાવેજનો અથવા એવો દસ્તાવેજ હોવાનો અભિપ્રેત હોય તે દસ્તાવેજ નિર્દેશ કરે છે.

<u>કલમ ૪૬૭: કિંમતી જામીનગીરી, વીલ વગેરેની ખોટી બનાવટ કરવાનો</u> ગુનોઃ

જે કોઈ વ્યક્તિ, કોઈ કિંમતી જામીનગીરી અથવા વીલ અથવા પુત્ર દત્તક લેવાનો અધિકારપત્ર હોવાનુ અભિપ્રેત હોય તેવા દસ્તાવેજ અથવા કોઈ કિંમતી જામીનગીરી બનાવવાનો અથવા તેને તબદીલ કરવાનો, મુદ્દલ રકમ, તેનુ વ્યાજ કે ડિવીડન્ડ સ્વીકારવાનો અથવા કોઈ રકમ, વસ્તુ કે કિંમતી જામીનગીરી સ્વીકારવાનો કે આપવાનો અધિકાર આપતો હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજની ખોટી બનાવટ કરવાનો ગુનો કરે, તેને જન્મટીપની અથવા દસ વર્ષ સુધીની બે માથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

સદર કામે આરોપીએ ઇન્ડિયન પીનલ કોડ–૪૬૮ મુજબનો ગુનો કરેલ છે કે, કેમ તે નક્કી કરવા માટે કોઈ કિંમતી જામીનગીરી બનાવેલ છે કે, કેમ તે નક્કી કરવું ખૂબ જ જરૂરી છે અને જે કોઈ દસ્તાવેજી બનાવેલ છે તે કિંમતી જામીનગીરી ગણી શકાય તે પણ નક્કી કરવું ખૂબ જ જરૂરી છે. હાલના ગુનાને ધ્યાને લઈ તો આરોપી નંબર–૨નાઓએ આરોપી નંબર–૧,૩,૪,૫,૬ નાઓ પાસેથી ટ્રસ્ટની મિલકતની જમીન વેચાતી લઇ લીધેલ અને તે જમીન બોગસ અને બનાવટી દસ્તાવેજના આધારે લીધેલ હોવાનો આક્ષેપ છે, જે હાલના તબક્કે નામદાર સુપ્રીમ કોર્ટે ***Bank of India vs Yeturi Maredi Shanker Rao & Anr (1987)***,*(1) S.C.C. 577* *તથા* ***Adithela Immanuel Raju And Anr. vs State Of Orissa*** *1992* ***CRILJ*** *243* ના જજમેન્ટમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ

સિદ્ધાંત ધ્યાને લેવામાં આવે તો તે કેસની હકીકતમાં આરોપીએ બેંક ડ્રાફ્ટમાં ખોટી સહી કરેલ હતી અને તેવા કેસમાં નામદાર સુપ્રીમ કોર્ટે આરોપીએ ઈન્ડિયન પીનલ કોડ ની કલમ–૪૬૮ મુજબનો ગુનો કરેલ છે તેમ પ્રસ્થાપિત કરેલ. જો હાલના કામે અગાઉના સાહેદોના પુરાવાની ચર્ચા કરી તે ઉપરથી એ હકીકત સ્પષ્ટ પણે રેકર્ડ ઉપર આવે છે કે, આરોપી નંબર–૩ અને ૬ નાઓ દ્વારા કોઈ બોગસ દસ્તાવેજ બનાવી, તેના આધારે ચેરીટી કમિશ્નરની ખોટી સહી કરી તેમજ સિક્કા કરી વેચાણ દસ્તાવેજ કરી તેને ખરા તરીકે ઉપયોગ કરવાની હકીકતને કોઈ સાહેદો દ્વારા સમર્થન આપવામાં આવેલ નથી. તેમજ સદર હકીકતને કોઈ ફોરેન્સિક એક્સપર્ટના પુરાવાથી પણ સમર્થન મળતું નથી. તેથી આરોપી નંબર–૩ અને ૬નાઓને કોઈ કિંમતી જામીનગીરી બનાવી કે, ખોટા અને બોગસ દસ્તાવેજ બનાવેલ હોય તેવી પણ હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોય, તેથી તે સંજોગોમાં આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૮ અન્વયે તકસીરવાન ઠરાવી શકાય નહીં

વધુમાં હાલના કામે આરોપીઓએ ઈન્ડિયન પીનલ કોડ ની કલમ–૪૭૧ મુજબનો ગુનો કરેલ છે કે, કેમ તે નક્કી કરતા પહેલા ઈન્ડિયન પીનલ કોડની કલમ–૪૭૦,૪૬૩,૪૬૪ ધ્યાને લેવી જરૂરી છે, તે પૈકી ૪૬૩,૪૬૪ ની ચર્ચા ઉપરોકત કરવામાં આવેલ છે અને ઈન્ડિયન પીનલ કોડ ની કલમ–૪૭૦ મુજબનો આક્ષેપ છે.

<u>કલમ ૪૭૦ – બનાવટી દસ્તાવેજ:–</u> ગુનાહીત હેતુથી બનાવેલા પુરા અથવા આંશિક ખોટા દસ્તાવેજને બનાવટી દસ્તાવેજ કહ્યો છે.

કલમ ૪૭૧– બનાવટી દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવા બાબત:– જે કોઈ વ્યક્તિ કોઈ બનાવટી દસ્તાવેજનો બનાવટી હોવાનુ પોતે જાણતી હોય અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેનો બદદાનતથી અથવા કપટપુર્વક ખરા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરે તેણે પોતે તે કોઈ બનાવટી દસ્તાવેજનો ખોટી બનાવટ કરવાનો ગુનો કર્યો હોય તેમ ગણી શિક્ષા કરવામાં આવશે.

ઉપરોક્ત કલમ મુજબ જરૂરી છે કે, દસ્તાવેજ ખોટો છે તે તેની જાણ

હોય અથવા તો તે બનાવટી છે એવું ગણી શકાય તેમ હોય તે જોતા તેના અસલ કે, ખરા તરીકે ઉપયોગ કરવો અને તેનો લાભ લેવા હાલના ગુનાના કામે ઉપરોક્ત મૌખિક પુરાવાની ચર્ચા કરી તે અન્વયે આરોપી નંબર–૩ અને ૬નાઓ વિરુદ્ધ કોઈ દસ્તાવેજ ખોટા છે, તે જાણતા હોવા છતાં તેનો ખરા તરીકે ઉપયોગ કરેલ છે અને તેનો લાભ મેળવેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આરોપી નંબર–૩ અને ૬નાઓએ કોઈ આર્થિક કે, નાણાકીય લાભ મેળવેલ હોય, તેવું પણ રેકર્ડ ઉપર આવેલ નથી, તેથી અત્રેની કોર્ટના માનવા મુજબ આરોપી નંબર–૩ અને ૬નાઓએ ભારતીય દંડ સંહિતાની કમલ– ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧,૪૦૮ અને ૧૧૪ સાથે વાંચતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરે છે. વધુમાં હાલના કામે મહત્વના કહી શકાય તેવા સાહેદો એટલે કે,૧) ફરિયાદી અને ૨) તપાસ કરનાર અધિકારી, જે બન્ને મરણ ગયેલ હોય અને તેઓના મરણના પ્રમાણપત્ર રેકર્ડ ઉપર રજૂ હોય, તે બન્ને સાહેદોનો મૌખિક પુરાવો મરણ જવાના કારણે રેકર્ડ ઉપર આવેલ નથી, તેથી તે સાહેદના પુરાવાની ગેરહાજરીમાં પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ. તેથી ફરિયાદપક્ષના આક્ષેપો મુજબ ગુનો પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે. આમ, ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ, મૌખિક પુરાવો અને દસ્તાવેજી પુરાવાનો આરોપી નંબર–૩ અને ૬ની વિરુદ્ધ પડેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો, હાલના કામે આરોપીઓ નંબર–૧,૩,૪,૫,૬ નાઓ નાથાભાઈ આદિતરામ ભટ્ટ ટ્રસ્ટની માલિકીની જમીન ઉમરેઠ ગામમાં સર્વે નં.૪૧૩/૧ તથા ૪૧૪ ની ખરાબાની જમીન તથા હોલાણ તથા ઓરડીઓ વિગેરે હતુ, જે જમીન આ કામના આરોપીઓએ એક સંપ કરી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી નડિયાદનો સિક્કો કોઇ પણ રીતે કરાવડાવી તેમાં તેમાં ચેરીટી કમિશ્નરની ખોટી સહીઓ કરી આ ટ્રસ્ટની મિલકત વેંચવા માટેનો મંજૂરી પત્ર ખોટો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી તહોમતદાર નં.૨એ સદરહુ જમીન વેંચાતી રાખી દઇ આરોપી નં.૧,૩,૪,૫,૬ નાઓએ આ ટ્રસ્ટની મિલકત વેંચી દઈ, વિશ્વાસઘાત કરી અને આરોપી નં.૨નાઓએ જાણી જોઇને તેમાં મદદગારી કરી પોતે મિલકત ખરીદી હોય, તેવી હકીકત ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર

કરવામાં નિષ્ફળ નિવડેલ છે. વધુમાં આ કામના આરોપી નં.૩ આજરોજ કોર્ટમાં હાજર નથી. સી.આર.પી.ની કલમ–૩૫૩(૬) મુજબ જો આરોપી નિર્દોષ ઠરતો હોય, તો તેવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં પણ કેસનો આખરી નિર્ણય જાહેર કરી કેસનો નિકાલ કરી શકાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

::: આખરી હુકમ :::

૧. સદર કામના આરોપી નં. **૩) રમેશચંદ્ર ગીરધરલાલ ભટ્ટ,** રહે નોતરીયા પોળ, ઉમરેઠ, તા. ઉમરેઠ અને આરોપી નં.**૬) વિક્રમભાઈ ઘનશ્યામભાઈ શુકલા,** રહે. નોતરીયા પોળ, ઉમરેઠ, તા. ઉમરેઠનાઓને ભારતીય કાર્યરીતિ સંહિતાની કલમ–૨૪૮(૧) અન્વયે તેમની સામેનો ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૬૬, ૪૬૭, ૪૬૮,૪૭૧, ૪૦૮ અને ૧૧૪ મુજબના આક્ષેપિત ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમિનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ ની કલમ–૪૩૭(ક) મુજબ અપીલ સમય સુધીના આરોપી નં.૩ અને આરોપી નં.૬ નાઓએ રૂા.૧૦,૦૦૦/–ના જાત મુચરકા અને જામીનખત આપવાના રહેશે.

૩. સદર કામનો કોઈ મુદ્દામાલ, મુદ્દામાલ રૂમમાં/પોલીસ સ્ટેશનમાં જમા હોય, તો તે અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૬ મી, માહેઃ જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ઉમરેઠ
તારીખ : ૧૬/૦૭/૨૦૨૬

(પાર્થ પ્રવીણચંદ્ર ચૌહાણ)
એડિશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ઉમરેઠ.
(JUDGE CODE GJ-01692)